# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 32

## JAGRUTI SANDESH

Vol 16 Issue No. 07 - Mumbai JULY 2016

**પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર**







SKYLARK ENTERTAINERS
JAI EVENTS & PURPLE BLUE EVENTS
IN ASSOCIATION WITH
DALAL STREET GROUP
PRESENTS
great Indian MUD RUN
On 14th Aug. 2016
1 prize ₹ 50,000/-
* 20 OBSTACLES.
* STRESS BUSTER
* TEAM BUILDING
* ENDURANCE TEST
INTERNATIONAL ADVENTUROUS SPORT
Entry Fee 2000/- Includes VEG-LUNCH, HI-TEA RAIN DANCE WITH DJ & LOTS OF SPOT PRIZES
special
* KID'S ZONE
* Students Discount
* Corporate Discount
* Free Parking
Venue: Dreamland Ground & Banquet,
Yashwant Smart City, Gokhivre Road, Vasai - East.
VENUE PARTNAR
YASHWANT SMART CITY
ASSOCIATE PARTNAR
SIYAA
MEDIA PARTNER
mid-day
TICKETING PARTNAR
bookmyshow
Next Grand Event; RADIANCE NAVRATRI AT SAHARA STAR HOTEL
& RADIANCE NAVRATRI VASAI AT YASHWANT SMART CITY -
1ST OCT. TO 10TH OCT. 2016
FOR MORE DETAILS CONT; KAILASH 9867651169 / 8828441992
SPECIAL 10% DISCOUNT FOR JJC MEMBERS
FOR GROUP BOOKING SPECIAL DATES AVAILABLE
Advt.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચેરમેન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચેરમેન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચેરમેન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચેરમેન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચેરમેન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત બી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

### : ટ્રસ્ટીઓ :

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### : ઈન્વાયટી :

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-** **વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર,

વરસાદ પડુંપડું થઈ રહ્યો છે. વરસાદ હવે તેના મૂળ આંકથી ટ્રેલિંગ બિહાઈન્ડની સ્થિતિમાં છે. ૧૬ જૂન થી ૧ જુલાઈ સુધીનો પ્રથમ તબક્કો નિરાશાજનક રહ્યો છે. જાણકારો કહે છે કે લંબાયેલો વરસાદ નવરાત્રિ બગાડશે. વરસાદી સિઝન એક-બે ઝાપટાં સાથે શરૂ થઈને ખેંચાઈ ગઈ હતી.

પણ છેલ્લા થોડા દિવસથી મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, મધ્યપ્રદેશ, દિલ્હી, આસામ વગેરે રાજ્યોમાં મેઘતાંડવ થઈ રહ્યું છે. મેઘરાજા જાણે તેના અસલ મિજાજમાં આવી ગયા હોય તેમ બધાં રાજ્યોમાં ભરપૂર વરસી રહ્યા છે.

ગંગા મહાન છે જ, પણ ગંગા કરતાં ગુરુ એટલે મહાન છે કે ગંગાના કિનારે આપણે જઈએ તો પાવન થઈએ જ્યારે ગુરુ તો આપણા દ્વારે આવીને આપણને પાવન કરે છે. ગંગા માત્ર વહે છે, જ્યારે ગુરુ તો વહે પણ છે, કહે પણ છે. ગુરુ પાસે જઈને જે પાવન બને તેને ભગવાન પણ પાવન ન બનાવી શકે.

ગુરુ-ગંગામાં આત્માના દોષોને-ક્રોધને-માનને-પાપોને દૂર કરીએ.

ઉપરોક્ત ભારત દેશના દરેક જૈન સમુદાયના પૂ. ગુરુભગવંતો, આચાર્યભગવંતો તથા મુનિ મ.સા.નાં પૂર્વ ચાતુર્માસનો પ્રારંભ થઈ ગયો છે તથા ચાર મહિના માટે સ્થિર થઈ ગયા છે. દરેક જૈનો ધર્મમાં લીન થઈ ગયા છે એવું મને લાગે છે.

આવતા મહિને આવતી ૧૫ ઑગસ્ટે ભારતની સ્વતંત્રતાને ૭૦ વર્ષ પૂરાં થશે. સાતસાત દાયકા સુધી આપણે કાશ્મીર નામના ગૂમડાને શરીર પર સહન કરતા આવ્યા છે. આ ગૂમડામાંથી પરુ વહી જઈ રહ્યું છે. ભારતના શાસકોએ સાતસાત દાયકા સુધી બતાવેલી નામર્દાઈભરેલી આળસ આજે સમગ્ર દેશને ભરખી રહી છે.

દેશની નવી પેઢી શાસકોને પૂછે છે કે તમે સાતસાત દાયકા સુધી કાશ્મીરની સમસ્યા ઉકેલવા કેમ કશું ના કર્યું? કાશ્મીરમાં રહેતા અને કાશ્મીરની બહાર રહેતા એમ બંને બાજુના લોકો સરકારને પૂછે છે કે આ સમસ્યાનું નિવારણ કેમ ના કર્યું?

રાજકીય સમીક્ષકો માને છે કે જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાદીને ત્રાસવાદનો અને ત્રાસવાદીઓને ટેકા આપતાં તત્ત્વોનો સફાયો કરવો જોઈએ.

પ્રજાના ટેક્સનો પૈસો કાશ્મીરમાં ઠલવાય છે છતાં વળતરરૂપે ભારત મુર્દાબાદના નારા સાંભળવા મળે છે. દિવંગત ઈન્દિરા ગાંધીએ ઑપરેશન બ્લ્યુ સ્ટારની હિંમત બતાવી હતી. આશા રાખીએ કે વડા પ્રધાન મોદી 'ઑપરેશન કાશ્મીર'ની હિંમત બતાવે.

અઠવાડિયાના મંગળ-ગુરુ-શનિવારે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂ લઈને તાત્કાલિક ચેક આપી દેવામાં આવે છે. હાલમાં આ તબક્કે શિક્ષણ અભિયાન જૈન સમાજમાં ખૂબ જ લોકપ્રિય તથા અગત્યનું બની ગયું છે. આ માટે દરેક જૈન સમાજના સાધુભગવંતો-શ્રેષ્ઠીઓ-ઈન્ડસ્ટ્રીયાલિસ્ટો-સંસ્થાઓ સહકાર આપવા માટે તૈયાર થઈ ગયાં છે.

અગિયાર વર્ષના અનુભવ પછી ખબર પડે છે કે જૈન સમાજ ઉપરથી દેખાય છે તેટલો સબળ અને સક્ષમ નથી. એમાંય હાયર ઍજ્યુકેશન એટલું મોંઘું થઈ ગયું છે કે જૈન સમાજના હોશિયાર વિદ્યાર્થીઓ હાયર ઍજ્યુકેશનથી વંચિત રહી જાય તેવી શક્યતા ઊભી થઈ છે.

મુંબઈનાં દરેક સેન્ટરમાં સેન્ટ્રલ બોર્ડના સભ્યો ઍજ્યુકેશનની અપીલ લઈને જાય છે ત્યારે દરેક સેન્ટરના સભ્યો તરફથી તેમને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. જે વિદ્યાર્થીઓને અગાઉનાં વર્ષોમાં સહાય આપી હોય અને તેનો અભ્યાસ પૂર્ણ ના થયો હોય તેવા વિદ્યાર્થીઓને આ વર્ષે પણ અભ્યાસ પરિપૂર્ણ કરવા રીપિટ સહાય આપવામાં આવે છે. ઉપરાંત નવા વિદ્યાર્થીઓની ઍપ્લિકેશન પણ સ્વીકારવામાં આવે છે. તેમના ઈન્ટરવ્યૂ લેવામાં આવે છે અને તેમને પણ સહાય આપવામાં આવે છે. માટે આ વર્ષે વધારે રકમની જરૂર પડી રહી છે. તો મારી દરેક સેન્ટરના પદાધિકારીઓ, સભ્યો તથા દાતાઓને નમ્ર વિનંતી છે કે ગયા વર્ષે આપેલ ફાળામાં થોડો વધારો કરીને રકમ મોકલાવશો જેથી આપણું અભિયાન અટક્યા વગર ચાલુ રહે.

જેજેસી હાયર ઍજ્યુકેશનની શરૂઆત ૨૦૦૫માં થઈ. શ્રી ધર્મેશ જૈનના સુઝાવથી અને શ્રી કિશોરભાઈ એન. શાહ, શ્રી નીતિનભાઈ સંઘવીની ત્વરિત અનુમોદનાથી એ વખતના સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો દિનેશભાઈ શાહ, કિરણ શાહ, જિતેન્દ્ર કોઠારી, પ્રવીણભાઈ શાહ, રમેશ મોરબિયા, સંજય શાહ, પ્રફુલ્લ કામદાર તથા તમામ જેજેસીનાં સેન્ટરોની કમિટીના સભ્યો અને સેન્ટરના માનવંતા સભ્યોના સહકારથી આજે આ પ્રોજેક્ટ સરસ રીતે ચાલી રહ્યો છે. ધર્મેશ જૈન ૧૦૦ કરોડનો ટાર્ગેટ ૫૦ કરોડ સુધી આ વર્ષે ચોક્કસ પહોંચાડી દેશે.

જૈનોને લઘુમતીનો દરજ્જો આપવાના કેન્દ્ર સરકારના નિર્ણયથી સમગ્ર જૈન સમાજમાં આનંદ વ્યાપી ગયો છે. કેટલાય સમયથી ચાલતી લડતનો અંત આવવાનાં એંધાણ દેખાય છે. લઘુમતીમાં હોવા છતાં બંધારણ પ્રમાણે લઘુમતીના લાભથી આપણે છેલ્લાં ૭૦ વર્ષથી વંચિત રહ્યા અને બહુમતીને મળતા બધા ગેરલાભનો ભોગ બનતા રહ્યા. જૈનોએ Minorityનો દરજ્જો મળ્યો એ અગાઉ આર્થિક લાભ કે અન્ય અનામત લાભ લીધો જ નથી. ૨૦૧૫માં આપણને Minority હક્ક મળ્યો.

Minorityના હક્ક સમજવા માટે અમો એક Awarness Programme તેમ જ એક બુક દ્વારા સમજણ પડે એ રીતે તૈયારી કરી રહ્યા છીએ. દેશમાં ભણવા માટે તેમ જ પરદેશમાં ભણવા માટે Prime Ministerની લઘુમતી માટેની Scheme Yojna 'પઢો પરદેશ સ્કીમ' વ્યાપક રીતે લોકો સુધી પહોંચે એવા પ્રયત્નો દરેક સેન્ટરો દ્વારા કરવામાં આવે તેવા પ્રયત્નો કરીશું તેની હું ખાતરી આપું છું.

મને જણાવતા આનંદ થાય છે કે મારા ચૅરમૅનપદ હેઠળ ગુજરાત મિટમાં સેન્ટ્રલ બોર્ડ તથા ટ્રસ્ટની પૂરી કમિટી આવી તથા ગુજરાત મિટનાં ૬૮ સેન્ટર આવ્યાં તથા ૨૬૩ મેમ્બર આવેલ હતા. ગુજરાત મિટમાં આપણા કાર્યકર્તાઓનો ઉત્સાહ પણ ટોચ પર હતો. મારી સાથે કર્મઠ અને ઉત્સાહી કાર્યકરોનો સુંદર સમૂહ છે તેનો મને આનંદ છે. આ ચર્ચા-વિચારણા દ્વારા ફરી એકવાર જૈન જાગૃતિ સેન્ટરનાં દરેક સેન્ટરના પદાધિકારીઓ જૈન સમાજની પ્રવૃત્તિઓ તથા વર્તમાન માહિતીઓ આપની સમક્ષ મૂકતા ખૂબ જ આનંદ અનુભવે છે. આપણાં દરેક સેન્ટરના પદાધિકારીઓ તરફથી પણ જે સુંદર સહયોગ મળી રહ્યો છે તે અનુમોદનીય છે.

અંતમાં આપ સૌ જેજેસી પરિવારજનોની કુશળતા ઈચ્છું છું. આ 'જાગૃતિ સંદેશ' મળતાં જ આપનાં સૂચનો તથા અભિપ્રાયો અમને જરૂરથી જણાવશો. કોઈ પણ રચનાત્મક પ્રવૃત્તિઓ ત્યારે જ ખીલી ઊઠે જ્યારે સમગ્ર સમૂદાયનો તેમાં સાથ અને સહકાર હોય.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| ● અમૃતનગર | : ૧૬-૦૬-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● બોરીવલી | : ૧૪-૦૬-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : ૩૦-૦૬-૧૬ | 'અદશ્યમ' - નાટક | ◈ |
| ● ભાવનગર | : ૦૭-૦૬-૧૬ | 'હાઉસફૂલ-૩' - ફિલ્મ | ◈ |
| | : ૧૦-૦૬-૧૬ | 'મંછા' - નાટક | ◈ |
| ● ભાંડુપ-વિક્રોલી | : ૦૩-૦૬-૧૬ | 'નાગેશ્વર પાર્શ્વનાથની યાત્રા' - પ્રવાસ | ★ |
| | : ૧૫-૦૬-૧૬ | 'મૉડર્ન મિડલ ક્લાસ' - નાટક | ◈ |
| ● ભુજ (કચ્છ) | : ૧૨-૦૬-૧૬ | 'રેયાણ' - રિસોર્ટ | ★ |
| ● બોટાદ | : ૧૮-૦૬-૧૬ | 'થઈ જશે' - ફિલ્મ | ★ |
| ● ચેમ્બુર | : ૦૭-૦૬-૧૬ | 'હાઉસફૂલ-૩' - ફિલ્મ | ◈ |
| | : ૧૩-૦૬-૧૬ | 'અદશ્યમ' - નાટક | ◈ |
| ● દહિસર | : ૦૬-૦૬-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| ● ગોંડલ | : ૦૫-૦૬-૧૬ | 'નોટબુક વિતરણ સમારંભ' | ◈ |
| | : ૧૯-૦૬-૧૬ | 'વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ' | ★ |
| ● જેમ્ જગડુશા | : ૨૪-૦૬-૧૬ | 'ચાલો કરીએ પ્રેમ' - ગુજરાતી ગીતો | ◈ |
| ● જુહુ | : ૦૨-૦૬-૧૬ | 'વિરપ્પન' - ફિલ્મ | ◈ |
| | : ૦૪-૦૬-૧૬ | 'હાઉસફૂલ-૩' - ફિલ્મ | ◈ |
| | : ૦૫-૦૬-૧૬ | 'હસવાની મનાઈ નથી' - નાટક | ★ |
| | : ૦૯-૦૬-૧૬ | 'થઈ જશે' - ફિલ્મ | ◈ |
| | : ૧૪-૦૬-૧૬ | 'ટીન' - ફિલ્મ | ✦ |
| | : ૧૬-૦૬-૧૬ | 'મૈં ના ભૂલુંગા-મૈં ના ભૂલુંગી' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૧૯-૦૬-૧૬ | 'મુઝે ચલતે જાના હૈ' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૨૧-૦૬-૧૬ | 'ઊડતા પંજાબ' - ફિલ્મ | ✦ |
| ● જુહુ બીચ | : ૨૭-૦૬-૧૬ | 'આપણું તો બધું ગોલમાલ છે ?' - નાટક | ◈ |
| ● કાંદિવલી | : ૧૫-૦૬-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● લેડીઝ વિંગ અમદાવાદ | : ૦૮-૦૬-૧૬ | 'હાઉસી ગેમ શો' - | ✦ |
| ● લેડીઝ વિંગ દહિસર | : ૧૬-૦૬-૧૬ | 'સુજોગ થેરેપી ઍન્ડ ગાયનોકોલૉજી' - સેમિનાર | ★ |
| ● લેડીઝ વિંગ મુંબઈ(ઈસ્ટ) | : ૨૨-૦૬-૧૬ | 'એક selfie સજોડે' - નાટક | ◈ |
| ● મુંબઈ | : ૧૮-૦૬-૧૬ | 'ઊડતા પંજાબ' - ફિલ્મ | ◈ |
| | : ૨૧-૦૬-૧૬ | 'મૉડર્ન મિડલ ક્લાસ' - નાટક | ◈ |

| | | | |
|---|---|---|---|
| ● મુલુંડ | : ૩૦-૦૬-૧૬ | 'એક selfie સજોડે' - નાટક | ◈ |
| ● નંદુરબાર | : ૨૨-૦૫-૧૬ | 'મનોરંજન' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● નેત્રાંગ | : ૦૧-૦૬-૧૬ | 'નોટબુક વિતરણ' | ★ |
| ● નૉર્થ ઈસ્ટ | : ૧૨-૦૬-૧૬ | 'સુલતાન' - ફિલ્મ | ◈ |
| | : ૧૫-૦૬-૧૬ | 'જ્યા લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| | : ૨૯-૦૬-૧૬ | 'આયા સાવન ઝૂમ કે' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● રૉયલ જગડુશા | : ૦૩-૦૬-૧૬ | 'એક Selfie સજોડે' - નાટક | ◈ |
| ● સાયન માટુંગા | : ૦૧-૦૬-૧૬ | 'કૅન્સર ડિટેક્શન મેમોગ્રાફી ટેસ્ટ' - કૅમ્પ | ◈ |
| | : ૧૮-૦૬-૧૬ | 'આનંદોત્સવ' - હાસ્ય દરબાર | ★ |
| ● શિવાજી પાર્ક | : ૨૭-૦૬-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| ● વિલે પાર્લે | : ૦૨-૦૬-૧૬ | 'અદશ્યમ' - નાટક | ◈ |
| | : ૨૭-૦૬-૧૬ | 'આર.ડી. બર્મન નાઈટ' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● વસઈ | : ૨૬-૦૬-૧૬ | 'માંડવી હિલ્સ' - રિસોર્ટ | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ

**આયોજિત**

# ગોવા કૉન્ફરન્સ

## શનિવાર, તા. ૧૭-૯-૨૦૧૬ થી સોમવાર, ૧૯-૯-૨૦૧૬

**માનનીય પદાધિકારીઓ/કાર્યવાહક સભ્યો**

જૈન જાગૃતિ સેન્ટરના પદાધિકારીઓ તથા કાર્યવાહક સભ્યો માટેની ગોવા કૉન્ફરન્સ માટે દરેક સેન્ટરોનો સુંદર પ્રતિભાવ મળેલ છે. ત્રણ હોટલોમાં લગભગ ૩૦૦ રૂમોનું બુકિંગ અને ૬૩૦ ડેલિગેટ્સોનું આ અભૂતપૂર્વ મિલન એક સંભારણું બની રહેશે. કૉન્ફરન્સમાં વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે.

ગોવા કૉન્ફરન્સમાં હાજર રહેનાર સેન્ટરોના કાર્યકારણી સદસ્યોને માહિતપત્રક/ફૉર્મ મોકલવામાં આવશે. વિગતો ભરીનો ફૉર્મ તા. ૨૦-૮-૨૦૧૬ પહેલાં જેજેસી-સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં મોકલવાનું રહેશે. આપ તમામ ડેલિગેટ્સોને આવકારવા-સંગાથ માટે જેજેસી-સેન્ટ્રલ બોર્ડના તમામ પદાધિકારીઓ ઉત્સુક છે.

લિ.

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીગણના જય જિનેન્દ્ર**

જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## AUGUST CHARTER DATE

| S.No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Bilimora | 03-08-2013 | Amit Shah | 9898615626 | Sanjiv Shah | 9825236039 |
| 2 | Gandhidham | 11-08-2002 | Mahesh Puj | 9825361199 | Hiren Mehta | 9904119525 |
| 3 | Rapar | 11-08-2002 | Prakash Mehta | 9687620059 | Paras Mehta | 9909525178 |
| 4 | Coimbatore | 15-08-1999 | Surendra Shah | 9843095954 | Nalin Tolia | 9843329900 |
| 5 | Pedder Road | 20-08-1996 | Rajesh Shah | 9969053005 | Dilip Shah | 9820369690 |
| 6 | Thara | 26-08-2007 | Dinesh Shah | 9824071229 | Navin Shah | 9408660662 |
| 7 | Golden Garodia | 28-08-1988 | Rahul Desai | 9322650777 | Ashwin Khandhar | 9320102161 |
| 8 | Ladies Wing Mumbai East | 31-08-1996 | Sushma Shah | 9869911006 | Saroj Sanghavi | 9820153222 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Date of Birth | Marriage Date | Mobile No. | Email ID |
|---|---|---|---|---|---|
| 1 | Anilbhai G. Doshi | 01-08-1948 | 01-12-1973 | 9324081810 | packinghouse77@yahoo.co.in |

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD YEAR - 2016

## APPEAL DONE

| S.No. | Name Of Centre | Appeal Date | Place | Time |
|---|---|---|---|---|
| 1 | Juhu | **12-05-2016** | | |
| 2 | Malad | **26-05-2016** | Aspee Auditorium | 9.00 p.m. |
| 3 | Beach Side | **27-05-2016** | Bhaidas Hall | 9.00 p.m. |
| 4 | Vashi | **06-06-2016** | Vishnudas Bhave Hall | 9.00 p.m. |
| 5 | Borivali | **14-06-2016** | Bhaidas Hall | 9.00 p.m. |
| 6 | Kandivali | **15-06-2016** | Bhaidas Hall | 9.00 p.m. |
| 7 | Amrutnagar | **16-06-2016** | Zaverben Hall | 9.00 p.m. |
| 8 | Shivaji Park | **01-07-2016** | Y.B. Chavan Hall | 9.00 p.m. |
| 9 | Navi Mumbai | **07-07-2016** | Vishnudas Bhave Hall | 9.30 p.m. |
| 10 | Mumbai | **09-07-2016** | Birla Matushree Hall | 8.30 p.m. |
| 11 | Ladies Wing Central Mumbai | **11-07-2016** | Damodar Hall | 3.00 p.m. |
| 12 | Pedder Road | **17-07-2016** | Birla Matushree Hall | 8.00 p.m. |

## APPEAL PENDING

| S.No. | Name Of Centre | Appeal Date | Place | Time |
|---|---|---|---|---|
| 1 | Chembur | **25-07-2016** | Zaverben Hall | 9.00 p.m. |
| 2 | Vile Parle | **26-07-2016** | Bhaidas Hall | 9.00 p.m. |
| 3 | Dahisar | **31-07-2016** | Thakur Auditorium | 9.00 p.m. |
| 4 | Ladies Wing Dahisar | **31-07-2016** | Thakur Auditorium | 3.00 p.m. |
| 5 | Gem Jagdusha | **03-08-2016** | Zaverben Hall | 9.00 p.m. |
| 6 | Juhu Beach | **07-08-2016** | Bhaidas Hall | 10.00 a.m. |
| 7 | Royale Jagdusha | **08-08-2016** | Zaverben Hall | 9.00 p.m. |
| 8 | North East | **09-08-2016** | Zaverben Hall | 9.00 p.m. |
| 9 | North West | **16-08-2016** | Zaverben Hall | 9.00 p.m. |
| 10 | Sion Matunga | **18-08-2016** | Y.B. Chavan Hall | 8.30 p.m. |
| 11 | Golden Garodia | **20-08-2016** | Zaverben Hall | 9.30 p.m. |
| 12 | Ghatkopar | **24-09-2016** | Zaverben Hall | 9.00 p.m. |

## APPEAL DATE PENDING

| S.No. | Name Of Centre | Appeal Date | Place | Time |
|---|---|---|---|---|
| 1 | Bhandup Vikhroli | | | |
| 2 | Ladies Wing Mumbai East | | | |
| 3 | Mulund | | | |
| 4 | Nerul | | | |
| 5 | Panvel | | | |
| 6 | Pink Pant Nagar | | | |
| 7 | Rajwadi | | | |
| 8 | Vasai | | | |
| 9 | Vapi | | | |

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD & CHARITABLE TRUST

## Important Programmes / Events by JJC Centres : 2016-17

| DATE | DAY | FUNCTION | PLACE | TIME |
|---|---|---|---|---|
| 25-07-2016 | Monday | JJC Chembur Education Appeal | Zaverben Hall | 9.00 p.m. |
| 26-07-2016 | Tuesday | JJC Vile Parle Education Appeal | Bhaidas Hall | 9.00 p.m. |
| 31-07-2016 | Sunday | JJC Dahisar Education Appeal | Thakur Auditorium | 9.00 p.m. |
| 31-07-2016 | Sunday | JJC Ladies Wing Dahisar Education Appeal | Thakur Auditorium | 3.00 p.m. |
| 03-08-2016 | Wednesday | JJC Gem Jagdusha Education Appeal | Zaverben Hall | 9.00 p.m. |
| 07-08-2016 | Sunday | JJC Juhu Beach Education Appeal | Bhaidas Hall | 10.00 a.m. |
| 08-08-2016 | Monday | JJC Royale Jagdusha Education Appeal | Zaverben Hall | 9.00 p.m. |
| 09-08-2016 | Tuesday | JJC North East Education Appeal | Zaverben Hall | 9.00 p.m. |
| 16-08-2016 | Tuesday | JJC North West Education Appeal | Zaverben Hall | 9.00 p.m. |
| 18-08-2016 | Thursday | JJC Sion Matunga Education Appeal | Y.B. Chavan Hall | 8.30 p.m. |
| 20-08-2016 | Saturday | JJC Golden Garodia Education Appeal | Zaverben Hall | 9.30 p.m. |
| 17-09-2016 TO 19-09-2016 | Saturday TO Monday | JJC Central Board Conference Goa | | |
| 24-09-2016 | Saturday | JJC Ghatkopar Education Appeal | Zaverben Hall | 9.00 p.m. |
| 25-09-2016 | Sunday | JJC Bilimora Yuva Mela | | |
| 16-10-2016 | Sunday | JJC Ankleshwar Yuva Mela | | |
| 20-11-2016 | Sunday | JJC Sayaji Nagari Vadodara Yuva Mela | | |
| 03-12-2016 | Saturday | JJC Central Board Samuh Lagna | | |
| 11-12-2016 | Sunday | JJC Surendranagar Samuh Lagna | | |
| 18-12-2016 | Sunday | JJC Vapi Yuva Mela | | |
| 25-12-2016 | Sunday | JJC Dhrangadhra Yuva Mela | | |
| 08-01-2017 | Sunday | JJC Kalanagari Vadodara Yuva Mela | | |
| 29-01-2017 | Sunday | JJC Kandivali Yuva Mela | | |

# Gujarat Meet - Co-ordinator

| Sr. No. | Name | Centre Name |
|---|---|---|
| 1 | Bhavin J. Shah | Mandvi |
| 2 | Kashmira Harde | Ladies Wing Mehsana |
| 3 | Deepak Shah | Dhrangadhra |
| 4 | Lalit Vora | Dhoraji |
| 5 | Vijay Mehta | Ellisbridge |
| 6 | Jayesh Avlani | Junagadh |
| 7 | Pradeep Shah | Bhavnagar |
| 8 | Ketan Zalmora | Deesa |
| 9 | Chandrakant Shah | Surendranagar |
| 10 | Vinod Dhokha | Ankleshwar |
| 11 | Hitesh Shah | Botad |
| 12 | Hitesh R. Shah | Kalanagari Vadodara |

# પઢો પરદેશ/જૈન માઈનોરિટીને મળતા અન્ય લાભો

■ રમેશ મોરબિયા (I.P.Chairman)

હિન્દુસ્તાનની લગભગ ૧૨૫ કરોડની વસ્તીમાં જૈનોની સંખ્યા માત્ર ૬૦ લાખની છે. તેથી જૈનોને માઈનોરિટીમાં ગણવામાં આવે છે. અન્ય માઈનોરિટીમાં મુસલમાન, ઈસાઈ, શીખ, બૌદ્ધ, પારસીઓનો સમાવેશ થાય છે. જૈન માઈનોરિટી તરીકે મળતા લાભ લેવા તે આપણો હક છે અને આપણે વિનાસંકોચે તે લાભ લેવા જોઈએ.

સરકારે આપણાં બાળકોને ગ્રેજ્યુએટ બાદ પરદેશ ભણવા માટે પ્રોત્સાહન આપવા એક ખાસ સ્કીમ તૈયાર કરી છે જેનું નામ છે ''પઢો પરદેશ''.

આ સ્કીમમાં સ્ટુડન્ટે પરદેશ ભણવા માટે લીધેલ લોન પર લાગતું પૂરેપૂરું (૧૦૦%) વ્યાજ સરકાર સબસિડી મારફત પરત આપે છે. આ સબસિડી સ્ટુડન્ટ ભણે ત્યાં સુધી અને તે ઉપરાંત એક વર્ષ સુધી સરકાર આપે છે.

આ સ્કીમમાં નીચે મુજબ સ્ટેપ્સ હોય છે.:

૧) પરદેશની યુનિવર્સિટીમાં એડ્મિશન મેળવવું જરૂરી છે.

૨) ફૅમિલીની આવક વાર્ષિક છ લાખથી ઓછી હોવી જોઈએ.

૩) જૈન હોવાનું પ્રમાણપત્ર આપણી જૈન સંસ્થાનું અથવા પોતાની એફિડેવિટ.

૪) લોન નૅશનલાઈઝ બૅન્ક અથવા શેડ્યુલ કૉ.ઑ. બૅન્કમાંથી લેવી જરૂરી છે. (ઈન્ડિયન બૅન્ક ઍસોસિયેશનની મેમ્બર બૅન્ક IBA)

આ સ્કીમમાં ૭.૫ લાખ સુધીની લોન માટે કોલેટરલ સિક્યુરિટી જરૂરી નથી. ત્યાર બાદ ૨૦ લાખ સુધી લોન માટે સિક્યુરિટી આપવી જરૂરી છે. આપણે જાણીએ છીએ કે પરદેશ ભણવા માટે રૂા. ૨૦ લાખ પૂરતા નથી, તેથી બૅન્ક વધારે લોન પાસ કરે છે, પણ સરકારની સબસિડી રૂા. ૨૦ લાખ સુધી સીમિત છે. ત્યાર બાદની રકમ પર પૂરું વ્યાજ વિદ્યાર્થીએ ભરવાનું હોય છે.

આપણને મળતા માઈનોરિટી તરીકેના લાભ ભારતમાં આપણી સંખ્યા (Minor) ઓછી હોવાને લીધે મળતો લાભ છે તે આર્થિક પરિસ્થિતિ કે પછાત હોવાને કારણે નથી તે સમજ ખાસ જરૂરી છે.

આપણા વિદ્યાર્થીઓને પરદેશ ભણવા મોકલી તેમનું તેમ જ તેમના પરિવાર તથા સમાજનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવીએ.

## જૈન માઈનોરિટીને મળતા અન્ય લાભો

૧) ધોરણ ૧ થી ૧૦ સુધી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ (૫૦%થી વધારે માર્ક જરૂરી).

૨) ધોરણ ૧૧થી Phd સુધી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ જેમાં કૉલેજ ફી તેમ જ હૉસ્ટેલ ફી આપવામાં આવે છે તેમ જ દર મહિને ખર્ચ પેટે રૂા. ૩૦૦/- આપવામાં આવે છે.

૩) Entrance exams માટે કોચિંગ કલાસીસની સ્કૉલરશિપ.

૪) ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને ''મૌલાના આઝાદ'' સ્કોલરશિપ, જેમાં આગળ ભણવા માટે રૂા. ૧૨૦૦૦/- સુધી સ્કોલરશિપ આપવામાં આવે છે.

૫) જૈનો માટેની શૈક્ષણિક સંસ્થાનોને સબસિડી આપવામાં આવે છે. સ્કૂલો બનાવવા. પ્રયોગશાળાનાં ઉપકરણો ખરીદવા, ફર્નિચર વગેરે માટે સહાય આપવામાં આવે છે. હૉસ્ટેલો બનાવવા માટે પણ સહાયતા મળે છે.

૬) પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર તેમ જ ગ્રંથોના સંગ્રહ અને તેના ઉત્કર્ષ માટે સહાય મળે છે.

૭) જૈન મહિલાઓ માટે લીડરશિપ ડેવલપમેન્ટના કોર્સ તેમ જ પર્સનાલિટી ડેવલપમેન્ટ માટેના કોર્સમાં સહાય.

૮) જૈન વ્યાપારી તેમ જ ઉદ્યોગપતિઓને રૂા. ૨૦ લાખ સુધીની લોન ફક્ત ૬%ના વાર્ષિક દરે આપવામાં આવે છે. (The National Minority Development & Finance Corporation (NMDFC)

ઉપર મુજબ કેન્દ્ર સરકારની યોજના ઉપરાંત રાજ્ય સરકાર પણ ઘણા બેનિફિટ આપતી હોય છે.

જૈનો જો આ માઈનોરિટીના ફાયદા નહીં લે તો તે બેનિફિટ બાકીની માઈનોરિટીને આપી દેવામાં આવે છે. તો આપણે તેનો વધુમાં વધુ લાભ લેવો જોઈએ.

www.minorityaffairs.gov.in/padho_pardesh

# એક પ્યાર કા નગમા હૈ...

■ કિરણ શાહ (Past Chairman)

જગતમાં પ્રેમ એ સર્વથી મહાન શક્તિ છે. દુઃખમાંથી પણ સુખ પેદા કરવાની શક્તિ પ્રેમના જેટલી બીજા કશામાં નથી. દયા, માયા, માણસાઈ, દુનિયામાં જે કાંઈ સદ્‌ગુણો દેખાય છે, તે સઘળું પ્રેમમાંથી પેદા થાય છે. જીવન પ્રેમ કરવા માટે છે, નફરત કરવા માટે નથી, કારણકે નફરતમાં આક્રોશ હોય છે જ્યારે પ્રેમ મદહોશ હોય છે. સુખી થવાના બે રસ્તા છે – Free your Heart from Hatred - તમારા હૃદયને નફરતથી મુક્ત કરો, જે આપણે ઘણી વાર નથી કરી શકતા. એક કવિ કહે છે,

નફરત કરવાવાળા પણ ગજબનો પ્રેમ કરે છે મને,
જ્યારે પણ મળે ત્યારે કહે છે, છોડીશ નહીં તને!!

ધિક્કાર પેદા કરી શકે તેટલા પ્રમાણમાં ધર્મો આપણે રચ્યા છે, પણ પરસ્પર પ્રેમ વ્યક્ત કરી શકે એટલા પ્રમાણમાં એ પૂરતા નથી. હું ખરેખર એમ માનું છું કે હવે સમય આવી ગયો છે કે જે માણસ પ્રેમાળ હોય તેને ધાર્મિક ગણવાનો રિવાજ આપણે ચાલુ કરવો જોઈએ. સત્તાના પ્રેમને બદલે પ્રેમની સત્તા જો ફેલાય તો આ દુનિયા ઘણી બહેતર થઈ જાય.

જીવનમાં આપણને પૂરતા પ્રમાણમાં નથી મળતો એ પ્રેમ છે અને આપણે પૂરતા પ્રમાણમાં નથી આપતા તે પણ પ્રેમ છે. જીવનમાં સત્ય અને પ્રેમ હશે તો કરુણા આપોઆપ આવશે. પ્રેમ કરતાં આવડ્યું એટલે જિંદગી જીવતાં આવડ્યું. માનવલાગણીમાં સૌથી બળવાન કોઈ હોય તો તે પ્રેમની લાગણી છે, કારણકે તે મસ્તક, હૈયું અને ઈન્દ્રિયો ત્રણે પર એકસાથે હુમલો કરે છે. Life અને Love ભલે ચતુરાલક્ષી શબ્દો હોય, પણ જીવનના અલ્ફાબેટમાં તે નીચોવી નાખનારા શબ્દો છે.

ઘણા એમ કહે છે કે પ્રેમ એ વ્યક્ત કરવાની ચીજ નથી. પ્રેમ આંસુ છે, પ્રેમ સ્મિત છે, પ્રેમ મૌન છે, પ્રેમ ઓછું બોલે છે, પ્રેમની ભાષા ઘણી વાર એક દૃષ્ટિ દ્વારા, એક સ્પર્શ દ્વારા, એક નિસાસા દ્વારા અને જૂજ વખતે જ શબ્દો દ્વારા પ્રગટ થાય છે.

''એ જ સાચવવું પડે છે પ્યારના વહેવારમાં
કશું વહેવાર જેવું રહી ન જાય પ્યારમાં.''

પ્રેમને કારણ સાથે કોઈ સંબંધ નથી – કોઈ લેવાદેવા નથી, કારણ હોય ત્યાં પ્રેમ ન હોય. હેતુ હોય ત્યાં હેત ન હોય. પ્રેમની ગેરહાજરી હોય ત્યાં જ ખુલાસા કરવા પડે, ત્યાં જ માફી માગવી પડે. આદર્શ પ્રેમ ક્યારેય દેખાડો નથી કરતો, જેમ કે આદર્શ નિષ્ઠા ક્યારેય સોગંદ ખાઈને ખાતરી નથી આપતી તેમ. આદર્શ પ્રેમમાં તેવી જરૂર પણ નથી હોતી.

પ્રેમ કરવો એટલે આપણા સાથીની ઝીણીઝીણી લાગણીનું જતન કરવું. પ્રેમ કરવો એટલે એકબીજા સાથે વૃદ્ધ થવું. ઘણી વાર કહેવાય છે કે પ્રેમ આંધળો છે, એ બહેરો પણ હોઈ શકે અને મૂંગો પણ હોઈ શકે, તમને પારખતા આવડવું જોઈએ. પ્રેમની ભાષા કદાચ જુદી હોય, પણ હૃદયના ભાવ તો એક જ હોય.

દુનિયાને તેમના પોતાના નિયમો હોય છે અને પ્રેમને તેની પોતાની દુનિયા. આ બે વચ્ચે મેળ હોવો જોઈએ એ જરૂરી નથી, એવો નિયમ પણ નથી, કારણકે પ્રેમનું પ્લાનિંગ કે પ્રોગ્રામિંગ નથી હોતું. પ્રેમમાં માણસનું મન મહેકી શકે છે અને બહેકી પણ શકે છે.

જ્યારે જીવનની મસ્તીને મહોબ્બત કરવાની ટેવ પડે ત્યારે અડધા રોગો શરીરમાં પ્રવેશ કરવાની હિંમત કરતા નથી. કહેવાય છે કે પ્રેમ વો દવાઈ હૈ જો એક્સપાયરી ડેટ કે બાદ ભી કામ આ સકતી હૈ. પ્રેમ વિના આપવાનું શક્ય છે, પણ આપ્યા વિના પ્રેમ કરવાનું અશક્ય છે. પ્રેમ વિશ્વાસનું સર્જન કરે છે, વિશ્વાસ પ્રેમનું નહીં.

આ જગતમાં શ્રેષ્ઠની કક્ષામાં આવે એવી ઘણી વસ્તુઓ છે, પણ શુભની કક્ષામાં આવે એવી બહુ ઓછી વસ્તુઓ છે, પ્રેમ તેમાંનો એક છે. પ્રેમ એ અનોખી રમત છે. તેમાં કાં તો બન્ને જીતે છે યા એકે નહિ, અથવા તો એક એવી રમત છે જ્યાં બે જણા રમે છે અને બન્ને હારે છે (જો દિલ હારા વો સબ જીતા).

સાચો પ્રેમ હાથમાં હાથ જોડેલા રાખવામાં નથી, પણ હૃદયમાં હૃદય જોડેલા રાખવામાં છે. સાચા પ્રેમનો કદાચ સુખી અંત હોતો નથી, ખરેખર તો સાચા પ્રેમનો અંત જ હોતો નથી. પ્રેમ એ જીવનની ધડકનનો એહસાસ કરાવે

છે. જ્યાં પ્રેમ હોય ત્યાં પવિત્રતા હોવાની જ.

બુદ્ધિનો પ્રેમ ચાલાકીનો હોય છે, જ્યારે હૃદયનો પ્રેમ ભાવથી ભિંજાયેલો હોય છે. જીવનમાં જ્યારે પણ અકળાવ ત્યારે તમારા હૃદયને અનુસરજો, બુદ્ધિને નહીં, કારણકે બુદ્ધિ છેતરાઈ શકે છે, પણ હૃદય ક્યારેય છેતરાતું નથી.

...અંતમાં રમેશ પારેખની એક પંક્તિ સાથે પ્રેમને લગતો આ લેખ અહીંયાં સમાપ્ત કરું છું.

''માણસથી મોટું તીર્થ નથી કોઈ પ્રેમનું
હું છું પ્રથમ મુકામ લે મારાથી શરૂ કર''.

સ્નેહાર્દ્ર નયને આ લેખ અર્પણ જે.જે.સી.ના ચાહકોને જાગૃતિના સંદેશના વાચકોને.

# જીવદયા અને પર્યાવરણ

પૃથ્વી, પાણી, તેજ, આકાશ અને વાયુ!
આ પંચતત્ત્વનો ખેલ જગત કહેવાયુ!!

સમગ્ર સૃષ્ટિની રચના આ પંચતત્ત્વ થકી છે. જૈન ધર્મમાં અહિંસાને ખૂબ જ સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપે વર્ણવી છે. માત્ર માનવો અને પશુપક્ષીઓ માટે જ નહીં, પણ વનસ્પતિકાય, તેઉકાય, વાઉકાય અને અપકાયના જીવો માટે ભગવાન મહાવીરે ૨૬૦૦ વર્ષ પહેલાં જે ઉપદેશ આપ્યો હતો તે વર્તમાનમાં પણ એટલું જ સાતત્ય ધરાવે છે.

''ગ્લોબલ વૉર્મિંગ'' એ સમગ્ર સૃષ્ટિ માટે એક પ્રાણપ્રશ્ન થઈ ગયો છે. હિમાલયનાં બરફ આચ્છાદિત શિખરો પરનો બરફ ગરમીથી ઓગળે છે. તે ગંગા, જમુના, બ્રહ્મપુત્રા, વગેરે નદીઓમાં વર્ષોવર્ષ પૂરનું તાંડવ લાવે છે. બીજી બાજુ મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન વગેરે રાજ્યોમાં કાળજાળ દુષ્કાળ આવે છે. યથા પ્રકારની કુદરતી આફતોથી અસંખ્ય માનવો, પશુપંખીઓ કાળનો કોળિયો થઈ જાય છે. કરોડોની કિંમતનો ઊભો પાક નાશ પામે છે.

મિત્રો, આ લીલા અને સૂકા દુકાળનું કારણ તમે ક્યારેય વિચાર્યું છે? મુખ્ય કારણ છે વૃક્ષોની અવિચારીપણે થતી કત્લેઆમ. રહેઠાણ તેમ જ ઔદ્યોગિક વસાહતો માટે લાખો વૃક્ષ કપાય છે. ઉપરાંત ભારતમાં મરણોત્તર દહનક્રિયા માટે અસંખ્ય વૃક્ષોનું નીકંદન નિરળે છે.

દહનક્રિયામાં વપરાતાં વૃક્ષોના બચાવ માટેનું એક ઉમદા ઉદાહરણ હમણાં સાંતાક્રુઝ વેસ્ટના નવનિર્મિત હિન્દુ સ્મશાનગૃહમાં જોવા મળ્યું છે, જ્યાં વૃક્ષોનાં લાકડાંને બદલે પાઈપ નૅચરલ ગૅસ (PNG) દ્વારા અંતિમસંસ્કારની પદ્ધતિ ટૂંક સમયમાં કાર્યાન્વિત થનાર છે. ભારતભરનાં સર્વ સ્મશાનગૃહ આનું અનુકરણ કરે તો લાખો વૃક્ષોનો બચાવ થાય.

એક સર્વવિદિત સત્ય છે કે, વૃક્ષ વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઈડ ખેંચી શુદ્ધ પ્રાણવાયુ પ્રદાન કરે છે. માનવજાત માટે માત્ર છ મહિના ચાલે એટલો પ્રાણવાયુ કૃત્રિમ રીતે પેદા કરવામાં ૩૯ ટ્રિલિયન ડૉલર ખર્ચવા પટે, જે વૃક્ષો આપણને નિ:શુલ્ક આપે છે. વર્ષોવર્ષ આપણે મહાવીરજયંતી તો ઊજવીએ છીએ અને પ્રભુએ દર્શાવેલ માર્ગે જીવદયાનો અમલ કરીએ તો મહાવીરજયંતીની ઉજવણી સાર્થક લેખાશે અને વાતાવરણ વિશુદ્ધ રહેશે.

*લિ. સેવંતીલાલ કાંતિલાલ શાહ*
*સભ્ય JJC - વિલે પાર્લે*

Kartavya Modi

DIVYA PROPETRIES
Real Estate Consultants

- Residential
- Commercial
- Plots

Welfare Chambers, Shop No. 23,
Ground Floor, Sector - 17, Plot No. 73,
Vashi, Navi Mumbai - 400 705.
E-mail: modikartavya@gmail.com

Mob.: 93222 33829
Off.: 022-2780 1326

Advt.

**શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થા. જૈન સમાજ - મલાડ**

રજિ.નં. ૨૬૧૮ (બોમ્બે) તા. ૩૧-૫-૬૩

આયોજીત

**"વેવિશાળ પરિચય સંમેલન"**

પ્રેરિત દાતા

આંબા નિવાસી હાલ મલાડ - મુંબઇ

**"શેઠ શ્રી પ્રાણલાલ પરશોત્તમ શાહ"**

હસ્તે આસીત - હેમલ - જયેશ

**તા. ૨૦-૧૧-૨૦૧૬ રવિવાર ના રોજ રાખેલ છે. વહેલા તે પહેલાના ધોરણે સંસ્થાની ઓફીસમાં નામ લખાવવા વિનંતી.**

**સ્થળ : એન.એલ.હાઇસ્કુલ, મલાડ(વેસ્ટ)**

**તેમ જ ૩૬મા સમુહલગ્નનું આયોજન ડિસેમ્બરમાં કરવામાં આવેલ છે.**

લિ. શ્રી સૌરાષ્ટ્ર દશતાલુકા સ્થા. જૈન સમાજ - મલાડ

ઓફીસ : રવિરાજ એપાર્ટમેન્ટ, એ વિંગ, બ્લોક નં. ૧, ગ્રા.ફ્લોર, મામલતદાર વાડી રોડ નં. ૩, મલાડ(વે), મુંબઇ - ૬૪. ટે. : ૨૮૮૮ ૯૯૪૬.

Email : dastaluka@gmail.com

Advt.



**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**


# ૨૨મો સમૂહલગ્નોત્સવ

## જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

## જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

**આયોજન**

**શનિવાર, તા. ૩.૧૨.૨૦૧૬ના રોજ, ડોન બોસ્કો હાઈ સ્કૂલ, લિંક રોડ બોરીવલી - વેસ્ટમાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે.**

**વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.**

**વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

**ઑફિસઃ ૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.**

**ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮**

**Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com**

# એચયુએફમાં નિભાવખર્ચ મેળવવા કન્યા હકદાર

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

**• HUFમાં છોકરીઓનો કઈકઈ જાતના હક લાગે છે?**

★ કોઈ પણ HUF હોય તેમાં કોઈ પણ છોકરીઓ હોય અને લગ્ન કર્યા વગરની દીકરીઓ હોય તેમને તે HUFની મૂવેબલ કે ઈમ્મૂવેબલ પ્રૉપર્ટીમાંથી તેમનાં મેઈન્ટેનન્સનો એટલે કે સામાન્ય નિભાવખર્ચ, ઍજ્યુકેશન ખર્ચ અને તેમનાં લગ્નનો ખર્ચ HUFની પ્રૉપ્રર્ટીમાંથી મેળવવાનો હક છે. આવા સંજોગોમાં HUF કોઈ પણ છોકરી હોય તેને કે અનમેરિડ છોકરી હોય તેને ભણતરનો, મેઈન્ટેનન્સ કે લગ્નનો જેટલો ખર્ચ થવાનો હોય તે છોકરી સાથે HUFનો કર્તા એક રકમ ફિક્સ કરી શકે છે. ત્યાર પછી તે રકમ તે છોકરીની થઈ જાય છે અને ત્યાર પછી તે HUFની કોઈ પણ જાતની જવાબદારી રહેતી નથી અને આ જાતનું ટ્રાન્સફર ગિફ્ટ નથી ગણાતું. આવા સંજોગોમાં છોકરી કે અનમેરિડ દીકરી તે HUFમાં હોય અને તે HUFની સભ્ય હોય તો તેનાં મેઈન્ટેનન્સ માટે, ઍજ્યુકેશન અને મૅરેજનો ખર્ચો હોય તે HUFની પ્રૉપ્ટી પર એક જાતનો ચાર્જ રહે છે.

**• ઈન્ડિયન મેજોરિટી ઍક્ટ ૧૮૭૫ પ્રમાણે કોને માઈનોર કહેવાય અને કોને મેજર કહેવાય?**

★ સામાન્ય રીતે કોઈ પણ છોકરો ૧૮ વર્ષનો થાય ત્યારે તે મેઝર થઈ જાય છે એટલે કે કોઈ પણ કૉન્ટ્રેક્ટ કરવો હોય તો તે ૧૮ વર્ષ પછી કરી શકે છે, કારણકે ઈન્ડિયન કૉન્ટ્રેક્ટ ઍક્ટ પ્રમાણે મેઝર છોકરો કે છોકરી કાયદેસર રીતે કૉન્ટ્રેક્ટ કરી શકે છે અને કોઈ પણ છોકરી ૨૧ વર્ષની થાય ત્યાર પછી જ તે મેઝર ગણાય છે. HUFમાં કોઈ પણ છોકરો કે છોકરી નાનાં હોય અને તે HUFમાં તેમનો ભાગ હોય અને કોઈ કારણસર HUFની પ્રૉપર્ટી વેચવી હોય તો કોર્ટમાં એક જાતની પિટિશન કરવી પડે છે. વૅલ્યુએશન રિપોર્ટ આપવો પડે છે અને કોર્ટ મારફત તે છોકરા કે છોકરી વતી Gardian and wards Act, 1890 પ્રમાણે અને તે હિન્દુ હોય તો હિન્દુ Majority and gardianship Act પ્રમાણે તેમનાં ગાર્ડિયન એપોઈન્ટ કરવાં પડે છે.

આમાં તે છોકરા કે છોકરીનાં મા-બાપને પણ ગાર્ડિયન તરીકે એપોઈન્ટ કરી શકાય છે અને તે માઈનોર વતી જે HUFમાં તેમનો શૅર વેચાયો હોય તેટલા રૂપિયા કોર્ટમાં જમા રાખવા પડે છે અને તે રૂપિયા માઈનોર મેઝર થાય તે પછી તે પૈસા કોર્ટમાંથી મળે છે. જે HUFમાં માઈનોર વતી તેનાં માતા કે પિતા કોઈ પણ જાતની મિલકત વેચે તો તેમણે સાબિત કરવું પડે છે કે તે મિલકતની માર્કેટ વૅલ્યૂ કરતાં થોડી વધારે કિંમતમાં તે પ્રૉપર્ટી વેચાઈ છે. આ બધું કરવાનું મૂળ કારણ એ છે કે નાની ઉંમરનાં છોકરા કે છોકરીઓ હોય તેનો શૅર જ્યારે HUFમાં વેચાય ત્યારે તેમને અન્યાય ન થાય અને HUFની પ્રૉપર્ટીમાં જેમનો જેટલો ભાગ હોય તેની માર્કેટ વૅલ્યૂ કરતાં વધારે કિંમત મળે છે કે નહીં તેનું ધ્યાન રાખવું પડે છે. HUFની પ્રૉપર્ટીમાં કોઈ પણ છોકરી કે છોકરીના ભાગની પ્રૉપર્ટી વેચવાની હોય ત્યારે આર્કિટેક્ટનો રિપોર્ટ તૈયાર રાખવો.

**• હિન્દુ માઈનોરિટી ઍન્ડ ગાર્ડિયનશિપ ઍક્ટ ૧૮૯૦ પ્રમાણે કોણ માઈનોરનો ગાર્ડિયન થઈ શકે?**

★ માઈનોરનું હિત જાળવવા માટે બે મુખ્ય કાયદા છે.

(૧) હિન્દુ માઈનોરી ઍન્ડ ગાર્ડિયનશિપ ઍક્ટ ૧૯૫૬ (૨) ગાર્ડિયન્સ ઍન્ડ wards Act 1890.

સામાન્ય રીતે કોઈ પણ છોકરો કે છોકરી હોય અને તેનાં માતા-પિતા હોય તે જ તેમનાં નેચરલ ગાર્ડિયન ગણાય છે. આ બન્નેમાં જ્યાં સુધી પિતા હયાત હોય ત્યાં સુધી પિતા જ નેચરલ ગાર્ડિયન હોય છે અને પિતા ન હોય ત્યાર પછી જ માતા નેચરલ ગાર્ડિયન ગણાય છે. કોઈ પણ illegitimate છોકરો કે છોકરી હોય તો પહેલા તેનાં મધર નેચરલ ગાર્ડિયન તરીકે હોય છે અને માતા ન હોય ત્યાર પછી તેના પિતા નેચરલ ગાર્ડિયન ગણાય છે. કોઈ પણ લગ્ન કરેલી છોકરી હોય તો તેનો પતિ નેચરલ ગાર્ડિયન ગણાય છે.




Advt.

Heena TOURS & TRAVELS
DOMESTIC & INTERNATIONAL

**VILE PARLE (Head Office - Sales)**
303-305, M L Space, Opp. Jain Mandir, Station Road, Vile Parle (W), Mumbai - 400 056.
Tel: 61596900 / 67294444 / 26166666 Reliance: 9324210059 • Fax: 022-26191919

**OPERA HOUSE:** 66252525 | **GHATKOPAR:** 67295000 | **PUNE:** 020-65293474

# PharmEasy

દવાઓ પર
FLAT
20% OFF
ચોખ્ખું વળતર

- નિ:શુલ્ક (ફ્રી) હોમ ડિલિવરી.
- આપ ઈચ્છો તેટલો ઓર્ડર આપો.
  (ઓછામાં ઓછો આટલો કે તેટલો એવી કોઈ શરતો નહીં)
- ૧૦૦ % ખાત્રીવાળી દવાઓ.

મેડિકલ નિદાન પર
70%
સુધી ઓછાં ચૂકવો

- આપના ઘરે આવીને 'ટેસ્ટ' માટેના સેમ્પલ એકત્ર કરાશે.
- અમારી સંલગ્ન માન્યતા પ્રાપ્ત લબોરેટરીમાં ચકાસણી.
- ઈમેઈલ અને કુરિયર દ્વારા નિદાન (રિપોર્ટ્સ) ઘર પહોંચ.

તો, હવે રાહ શેની જોવી ? લ્યો મોબાઈલ અને એક 'મિસ્ડ કોલ' કરો
'એપ' ડાઉનલોડ કરો ને અપનાવી લ્યો ટેક્નોલોજીને હસતાં–રમતાં

'ફાર્મઈઝી' ઉકેલ છે, ૧૦૦ % ખાત્રીવાળી દવાઓ ઘેરબેઠાં મંગાવવાનો...

ભારતભરમાં વિવિધ શહેરોમાં અમારી સેવા ઉપલબ્ધ છે.
www.pharmeasy.in
E-mail us at: care@pharmeasy.in
Customer care number: 080 - 3075800

Download Now
Download on the App Store
ANDROID APP ON Google play

Advt.

# ગુજરાત મીટ – ૨૦૧૬

























ગુજરાત મીટ તા. ૨૬-૬-૨૦૧૬, રવિવારના સમારંભમાં જેજેસી સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી સંજયભાઈ તથા જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચૅરીટેબલ ટ્રસ્ટના ચૅરમૅન શ્રી જિતેન્દ્રભાઈ સાથે સર્વશ્રી રમેશભાઈ, પ્રફુલ્લભાઈ, પ્રવીણભાઈ, કિશોરભાઈ, કિરણભાઈ, દિનેશભાઈ તથા જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરિટેબલ ટ્રસ્ટના સર્વ પદાધિકારીઓ આવેલ હતા. તે સાથે ગુજરાત મીટનાં ૬૮ સેન્ટર તથા ૨૬૩ સભ્યોની ગુજરાત મીટમાં હાજરી હતી.

# જે જે સી વાશી નું ગૌરવ

## સવાયા–કચ્છી



વાશી સેન્ટરની શરૂઆત થી ટ્રેઝરર તરીકે ની ફરજ બજાવતાં અને સમાજ ઉપયોગી દરેક કાર્યમાં અગ્રેસર શ્રી અચલગચ્છ સંઘ તથા ક.વી.ઓ. મહાજન માં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપતાં

## શ્રી મહેન્દ્રભાઈ ખીમજી દેઢીયા (તલવાણા) ને

અષાઢી બીજ ના કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૬ ના **સવાયા–કચ્છી** તરીકે નું સન્માન મળેલ છે તે બદલ અમે સર્વે ગૌરવ અનુભવીએ છીએ.

જે જે સી વાશી ના સર્વ સભ્યો તથા કમીટી સભ્યો ના અભિનંદન...

# JJC Vashi

* શ્રી. શિરીષ મોદી, શૉપ નં. ૨૩, ગ્રા. ફ્લોર, વેલફેર ચેમ્બર, સેક્ટર-૧૭, વાશી, નવી મુંબઇ. (M : 9324251401)
* મે. મહેન્દ્ર કુમાર ખીમજી એન્ડ કું. D-02 APMC-1, વાશી, નવી મુંબઇ. ✆ : 27666590



## સરસ્વતી સન્માન

સેન્ટર ના સભ્ય શ્રી સંજયભાઇ શાહ ના સુપુત્ર <u>ચિ. ધૈર્ય શાહ</u> એસ. એસ. સી માં સમગ્ર નવી મુંબઇ માં પહેલો નંબર (ફસ્ટ) આવેલ છે. સંસ્થાવતી પ્રમુખશ્રી ધીરજલાલ મહેતા એ "સીલ્વર કોઇન" આપીને સન્માન કરેલ છે. આ ઉપરાંત સેન્ટરના સભ્ય <u>સાર્થ વિઠ્ઠલભાઇ ભુવા</u> એ ૯૬.૬૦% તથા <u>ભાગવી વિજયભાઇ શાહે</u> ૯૫.૮૦% મેળવેલ છે તે બન્નેનું સન્માન શ્રી મહેન્દ્ર ભાઇ દોશી તથા માતુશ્રી સાકરબેન દામજીભાઇ ગાલાએ કરેલ છે.

આ ત્રણેય વિદ્યાર્થી ઓ ને સેન્ટર વતી હાર્દિક શુભેચ્છા...

Advt.

# ''બરબાદી તરફ આંધળી દોટ...

''મિત્રને બર્થ-ડેની શુભેચ્છા આપી રાત્રે બે વાગે ઘરે પરત ફરતાં યુવાનનું અકસ્માતે મૃત્યુ થયું.''

''મિત્રને બર્થ-ડેની શુભેચ્છા આપી સવારના ૬.૩૦ વાગે નાસ્તો કરવા જતા ઘાટકોપરના ૨૧ વર્ષના યુવાનનું અકસ્માતે મૃત્યુ થયું''. મિત્રો, આવા કેટલાક બનાવ તો જાહેરમાં આવતા પણ નથી. આવા મૃત્યુની પાછળ કારણ રાત્રે ઊજવાતા બર્થ-ડે જ છે, હા, બર્થ-ડે જ! પછી આપણે મન મનાવીએ કે થવાકાળ હતું, તે થઈ ગયું! પણ મિત્રો, ધારો કે તમે જે બસમાં બેઠા છો, તેનો ડ્રાઈવર દારૂ પીધેલો અથવા તદ્દન થાકેલો હોય તો તમે બસમાં બેસી રહો ખરા? તો જે યુવાનો આખી રાત જાગીને બેફામ ડ્રાઈવિંગ, વ્યસનો કરતાં હોય તેની સાથે તમારાં વહાલસોયાં સંતાનોને કેમ મોકલો છો??? કદાચ... ના, નિશ્ચિત જ તમારાં સંતાનો સામે તમારું કંઈ જ ચાલતું નથી!! સંતાનોને સારા સંસ્કાર આપી તેમનું ભવિષ્ય સુધારવાની જવાબદારી તો તમોએ ક્યારનીય છોડી દીધી છે!! આજકાલની મૉડર્ન મમ્મીઓએ સ્ટેટસ ખાતર કપડાં ધોવાં જેવાં મહેનતનાં કાર્યો ક્યારનાંય છોડી દીધાં છે, એટલે તેમનાં શરીર ફૂલી રહ્યાં છે, પછી જિમમાં જઈને હજારો રૂપિયા ખર્ચે છે! આ બધાં કામો કરનાર કામવાળીઓનાં શરીર કેમ ફૂલી જતાં નથી?? અને ફાજલ બચેલા સમયમાં ટી.વી., ફોન અને કિટી પાર્ટીઓમાંથી તેમને ફુરસદ જ મળતી નથી! પાછું, દરેક જણ પાસે પોતાની ખોટી જીવનશૈલીનો બચાવ કરવાનાં બહાનાં તૈયાર જ હોય છે.

રાત પડે ને યુવાનોનો દિવસ ઊગે છે. વિચિત્રતા છે, પણ હકીકત છે. જેમ સમૃદ્ધિ વધતી જાય છે, તેમ દૂષણો પણ વધતાં જાય છે. ઘરમાં સંતાનો માટે અલગ રૂમ, ઘરની એક ચાવી સંતાનો પાસે હોય, એટલે મા-બાપ સૂઈ જાય પછી મોડી રાત્રે કે ક્યારેક છેક સવારે સંતાનો ઘર ખોલીને પોતાના રૂમમાં આવી જાય, પણ મા-બાપને કંઈ જ ખબર ના હોય, સંતાનો શું કરે છે? ક્યાં જાય છે? કોની સાથે જાય છે? ક્યારે આવશે? સંતાનોને યોગ્ય સંસ્કાર આપવાની જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ??

હકીકતમાં જન્મદિવસ એ કોઈ વિશેષ ઉપલબ્ધિ છે જ નહીં, છતાંય વિદેશી કંું.ઓની માર્કેટિંગ સ્ટ્રેટેજીમાં ફસાઈ ગયેલા નાના-મોટા(?) સૌ અબુધો જાણે શાન-ભાન જ ખોઈ બેઠા છે! મોંઘી કેક, ડેકોરેશન, ગિફ્ટ, હોટેલ-પાર્ટી, રિટર્ન ગિફ્ટ વગેરે તદ્દન બિનજરૂરી, ઊભા કરેલા ખર્ચા તળે મધ્યમ વર્ગ પણ ખેંચાઈ રહ્યો છે. એકલ-દોકલને કદાચ ઈચ્છા ન હોય તોપણ એકલા પડી જવાના ડરે આમાં સામેલ થવું જ પડે છે! શાકભાજી-ટામેટાં-મોંઘવારીની જોરશોરથી ચર્ચા કરતી વખતે આ તદ્દન બિનજરૂરી ખર્ચની વાત કેમ યાદ આવતી નથી???

હવે, એક નવો ટ્રેન્ડ ''નાઈટ આઉટ''નો શરૂ થયો છે. યુવાનો રાત્રે આખી રાત ભેગા થઈ મોજમજા કરે છે. દરેક ઘરોમાં મોડી રાત સુધી જાગવાનું ચલણ વધી રહ્યું છે અને બાળકો-યુવાનો તો રાત્રે ૨-૩ વાગ્યા સુધી વૉટસ્ઍપ-ફેસબુકમાં વ્યસ્ત હોવાથી પૂરતી ઊંઘ કરતાં જ નથી! તેમનું સમયપત્રક તદ્દન અસ્તવ્યસ્ત હોવાને લીધે તેમની ખાવાની આદતો બહુ જ ખરાબ થઈ ગઈ છે અને હા, આજનાં મા-બાપોમાં એક હાસ્યાસ્પદ સમજણ વિકસી રહી છે, કે આપણને નાનપણમાં કદાચ સામાન્ય સ્થિતિને કારણે મોજશોખ માટે રૂપિયા નહોતા મળતા, પણ આપણાં સંતાનોને આપણે મોંઘા મોબાઈલ, ટૅબ્લેટ, લેટેસ્ટ ગાડીઓ વગેરે બધું જ સમય પહેલાં આપી દઈએ!! પણ હકીકતમાં આજનાં મા-બાપોમાં સહનશક્તિ-ધીરજ ઓછી છે, સંતાનોની જીદ સામે તરત જ નમતું મૂકી દે છે, સારું-નરસું વિચારતાં જ નથી! આજનાં કહેવાતાં ઍજ્યુકેટેડ મા-બાપ કરતાં ગઈ પેઢીનાં ઓછું ભણેલાં, પણ કોઠાસુઝ

ધરાવતાં મા-બાપ વધુ સમજદાર હતાં! સંતાનોને વઢી પણ લેતાં, ક્યારેક ધોલ-ધાપટ પણ કરી લેતાં, શું તેનાથી સંતાનો બગડી ગયાં? ના, તેનાથી જ સંતાનોમાં સાચી સમજણ વિકસી! યાદ કરજો, આપણે નાના હતા, ત્યારે વગર પૈસે જેટલી મોજમજા કરી, નિર્દોષ આનંદ કર્યો, એટલો આનંદ આ પૈસાના ઢગલા વચ્ચે પણ આજનાં બાળકો કરી શકે છે??? એટલે ફક્ત પૈસાથી જ બાળક આનંદ કરશે એ વાત કેટલે અંશે સાચી???

ખોટી લાઈફ-સ્ટાઈલને કારણે નાની ઉંમરમાં જ ઍસિડિટી, ડાયાબિટીસ, બી.પી. જેવા રોગોના શિકાર થતા યુવાનો અને આપણે પણ સતત ૧૫-૨૦ મિનિટ સુધી ચાલી પણ શકતા નથી!! શારીરિક તંદુરસ્તી વગર માનસિક તંદુરસ્તી પણ ક્યાંથી આવશે? કમાયેલો મોટા ભાગનો પૈસો તો દવા-દારૂ, વ્યસનોમાં જ ખર્ચાઈ જશે! આજે મા-બાપ સાથે લગ્નપ્રસંગોમાંય આવવામાં સંતાનોને કંટાળો આવે છે. મા-બાપ ફક્ત તેમની જરૂરિયાતો પૂરી કરવાનાં સાધનો માત્ર છે. તેમની દુનિયા ફક્ત મિત્રો પૂરતી જ છે! પણ આજના ભૌતિકવાદી જીવનમાં દરેક મિત્ર પણ પોતાની કૅરિયર બનાવવા અલગ ચાલ્યા જવાના છે. અરે મા-બાપને છોડીને વિદેશ પણ સ્થાયી થઈ જતા ''મની-માઈન્ડેડ'' લોકો મિત્રોનો સાથ ક્યાં સુધી આપી શકશે??? કદાચ બરબાદીના રસ્તે આપણે ઘણા જ આગળ નીકળી ગયા છીએ. ફક્ત પૈસા જ કમાવવા માટેનું ઍજ્યુકેશન તો આ બધું નહીં જ શીખવાડી શકે! પણ પોતાની જાતને સ્માર્ટ અને ઍજ્યુકેટેડ (?) સમજતાં આજનાં મા-બાપો, યુવાનો આ બાબતે વિચાર કરી કંઈક બદલાવ લાવી શકવા જેટલા પણ હોશમાં છે ખરાં?? ભલે, બધાં જ આવાં ન હોય, પણ દેખાદેખીમાં આ ચેપ આખા સમાજને લાગી જતાં વાર નહીં લાગે, પછી આપણે જ કહીશું કે, ''ઘોર કળિયુગ આવ્યો છે ભાઈ'', પણ, એ કળિયુગને લાવ્યું કોણ???

*પ્રેષકઃ ભાવેશ કે. શાહ (જેજેસી-ગોલ્ડન ગારોડિયા)*


## લગ્નસંબંધી - વિનામૂલ્ય સેવા
## શ્રી વાગડ વીસા ઓશવાળ સગપણ માહિતી કેન્દ્ર

જૈન મૂર્તિપૂજક/સ્થાનકવાસી (જૈનોના બધા જ ફિરકાઓના) બોરીવલી/ઘાટકોપર સુધી એરિયામાં રહેતાં દરેક ઉંમરનાં (૫૦ વર્ષ સુધીનાં) યુવક/યુવતીઓ, કુંવારા/છૂટાછેડા-કાયદેસરની ઝેરોક્ષ આપવાની/નૉર્મલ ખોડ, વિધવા-વિધુર, સંતાન-નિઃસંતાન/ગ્રૅજ્યુએટ/એમ.બી.એ. તેમ જ અન્ય પ્રોફેશનલ ડિગ્રી ધરાવતાઓ બાયોડેટા, પોસ્ટકાર્ડ સાઈઝ ફોટો નીચેના સરનામે કુરિયર દ્વારા મોકલો. યોગ્ય પાત્ર અમોને લાગશે તેવા પાત્રની માહિતી બાયોડેટા મોકલનારને આપીશું. ગ્રૅજ્યુએટ કે પોસ્ટ ગ્રૅજ્યુએટ ઉમેદવારે ગ્રૅજ્યુએશનના સર્ટિફિકેટની ઝેરોક્સ કૉપી મોકલવાની. ગુજરાત રાજ્યની ફક્ત જૈન યુવતીઓ બાયોડેટા મોકલી શકે છે. મુંબઈના ઉમેદવાર મેળવી આપીશું.

૧) કુંવારી યુવતી (કાંદિવલી) ડેન્ટિસ્ટ સેજલ નરેન્દ્ર શાહ (MDS) ઉં-૩૪, ૫'-૩'', ૬૦ કિલો, સુંદરને યોગ્ય પાત્ર જોઈએ છે ૨) જૈન દેરાવાસી છૂટાછેડા ઉ-૩૨, ૫'-૪'' બી.કૉમ, સુંદર, ૮/૪ વર્ષની બે બેબી છે ૩) જૈન-કુંવારા યુવક હિરેન ગડા-૩૩ વર્ષ, બી.કૉમ, ૫'-૯'', ૭૮ કિલો, બિઝનેસ-ઝેરોક્સની મોટી દુકાન. યોગ્ય કન્યા આવકાર્ય.

**મળો : ૧૧થી ૨, ૬થી ૯. મો. ૯૮૨૦૩૧૦૦૭૪, વૉટ્સઍપ - ૯૮૨૦૬૮૬૬૩૭**

**રમણીકલાલ દેઢિયા -ઉં. ૭૨ (ભચાઉ) ગુડલક પ્રો. સ્ટોર્સ, ૧૬૧, ખેતવાડી મેન રોડ મુંબઈ-૪.**

**(ગોકુળધામ હોટલની સામે)**

Advt.

# કોઈ ટીકા કે નિંદા કરે ત્યારે શું કરવું ?

એક સંત જિજ્ઞાસુઓને કથારસ પાન કરાવી રહ્યા હતા. એ દરમિયાન એક પ્રશ્નકર્તાના મનમાં એ જાણવાની ઉત્સુકતા જાગી કે મહિનામાં ત્રીસ દિવસ પૈકી ૧૫ દિવસ અજવાળિયું કેમ અને ૧૫ દિવસ અંધારિયું કેમ? શું વિશ્વવિધાતાને એકલો શુકલપક્ષ એટલે કે અજવાળિયું મંજૂર નહોતું? પ્રકાશ આનંદદાયક છે અને અંધકાર કષ્ટદાયક. બ્રહ્માજી પણ ભૂલ કરી બેસતા હોવા જોઈએ, નહીં તો ગુલાબ સાથે કાંટા ઉગાડવાની શી જરૂર? મહેકતાં પુષ્પોને અને સજ્જનોને અલ્પાયુ આપવાની ક્યાં આવશ્યકતા હતી? સૃષ્ટિને માણવા જન્મ ધારણ કરનાર કેટલાક લોકોને દષ્ટિહીન બનાવી દેવાનો કશો અર્થ ખરો? માણસની અમૃતવર્ષિણી જીભ પર નિંદારસની બુંદો ટપકાવી દેવાનો શો અર્થ?

સંત મર્મજ્ઞ હતા. એમણે કહ્યું, માણસને ગુણદર્શન અને દોષદર્શન બંને કરવાનો અધિકાર છે. માણસ દોષદર્શન કરે છે ત્યારે એવું આત્મદર્શન કરે છે ખરો કે હું શા માટે નિંદારસનો આનંદ લઈ રહ્યો છું? નિંદારસનું શિક્ષણ આપવાની ક્યાંય અકાદમી ચાલતી નથી અને છતાંય માણસ વગરસાધનાએ નિંદાનિપુણ ટીકાખોર બની જાય છે!

કુદરતની કામ કરવાની શૈલી અનોખી અને રહસ્યમય છે. ક્યાંક એમાં જ્ઞાન કામ કરે છે, ક્યાંક વિજ્ઞાન તો ક્યાંક માણસની  સમજ બહારની કોઈક અલૌકિક શક્તિનો અજ્ઞાત હાથ હોવાની શક્યતા પણ નકારી ન જ શકાય. એટલે કુદરતના શ્રેષ્ઠ સર્જન તરીકે ઈશ્વરની સૃષ્ટિ અને તેનું નિર્માણ કરી કદાચ કુદરત એ સૂચવવા માગે છે કે માનવ, તું પ્રકાશયાત્રી છે. અમાવસ્યાનો અંધકાર વાસ્તવિકતા છે. એનાથી ડરીને ભાગવાની જરૂર નથી, કારણકે અંધકારની ગોદમાંથી જ પ્રકાશ પ્રગટ થવાનો છે. ઈશ્વર ઈચ્છે છે કે માણસ કેવળ તાર્કિક બનવાને બદલે શ્રદ્ધાશીલ બને!

અહીં મૈત્રીના સંદર્ભમાં સંત વિનોબાજીની એક લઘુકથાનું સ્મરણ થાય છે. તદાનુસાર બ્રહ્મદેવના મનમાં ઈચ્છા જાગી કે સૃષ્ટિનું નિર્માણ કરવામાં આવે. તે માટેનું તેમણે આયોજન પણ કરી લીધું અને કાર્ય શરૂ થવાની અણી પર હતું તે સમયે એકાએક બ્રહ્માજીના મનમાં વિચાર આવ્યો કે હું જે કાંઈ સર્જન કરું એના સારા-નરસા પક્ષને કોઈ બતાવનાર હોય તો સારું. એવો વિચાર આવતાં જ એમણે એક આકરા ટીકાકારનું નિર્માણ કર્યું અને તેને એવો અધિકાર પણ બક્ષ્યો કે તે ટીકાકારની એ જવાબદારી રહેશે કે બ્રહ્મા તરીકે પોતે જે કાંઈ સર્જન કરે તેના ગુણદોષ બતાવવા.

આટલી ભૂમિકા અને પૂર્વતૈયારી પછી બ્રહ્માજીએ પોતાના સર્જનકાર્યની ફૅક્ટરી શરૂ કરી. તેઓ એકએક વસ્તુ બનાવતા ગયા અને પેલો ટીકાકાર જે તે વસ્તુનો દોષ દેખાડીને પોતાનું મહત્ત્વ સ્થાપિત કરતો ગયો. ટીકાકારની પરીક્ષા આગળ બ્રહ્માજીના સર્જનની એક પણ વસ્તુ ક્ષતિરહિત સાબિત થતી નહોતી. જેમ કે હાથી તો તમે બનાવ્યો, પણ એ બિચારો ઉપર ક્યાં જોઈ શકે છે? તમે ઊંટનું સર્જન કર્યું, પણ તે તો માત્ર ઉપર જ જોઈ શકે છે! ગધેડું ભાર તો ઊંચકે છે, પણ એનામાં ચપળતા નથી અને વાંદરામાં તમે ભારોભાર ચંચળતા ઠાલવી દીધી છે!' આમ ટીકાકાર એક પછી એક ટીકાનાં તીર બ્રહ્માજી પર છોડતો રહ્યો.

બ્રહ્માજી કંટાળી ગયા. એમની બુદ્ધિ જાણે કે બહેર મારી ગઈ. છેવટે એમણે અંતિમ પ્રયત્ન કરી લેવાનો નિર્ણય કર્યો અને પોતાની તમામ કારીગરી વાપરીને 'મનુષ્ય'નું નિર્માણ કર્યું. બ્રહ્માએ મનોમન વિચાર્યું કે મેં આ સૃષ્ટિનું સર્વોત્કૃષ્ટ સર્જન કર્યું છે, એટલે ટીકાકારને કદાચ આ સર્જનમાં કોઈ દોષ દેખાશે નહીં.

ટીકાકાર અત્યંત ધ્યાનપૂર્વક બ્રહ્માજીએ સર્જેલા મનુષ્યનું પરીક્ષણ-મૂલ્યાંકન કરવા લાગ્યો. અંતે એને મનુષ્યના સર્જનમાં એક ક્ષતિ હાથ લાગી. પેલા ટીકાકારે બ્રહ્માજીને કહ્યું, 'તમે માણસનું સર્જન તો કર્યું, પણ એક વ્યવસ્થા કરવાનું તમે ભૂલી ગયા! માણસની છાતીમાં એક બારી હોવી જોઈતી હતી, જેથી એના વિચારો બધા લોકો સમજી શકે!'

બ્રહ્માજીના વસવસાનો પાર ન રહ્યો. મેં હાથે કરીને પગ પર કુહાડો માર્યો. એમણે દુઃખ સાથે પેલા ટીકાકારને કહ્યું, 'મેં તારું નિર્માણ કર્યું, એ જ મારી ભૂલ થઈ ગઈ! હવે હું તને શંકરને હવાલે કરું જેથી તેઓ તારી સાન ઠેકાણે લાવે.'

વિનોબાજી વાર્તાને અંતે કહે છે કે પેલા ટીકાકાર પર બ્રહ્માજીને દયા આવી હશે એટલે શંકર ભગવાનને હવાલે નહીં કર્યો હોય, અથવા એમ પણ બને કે શંકરે જાતે જ એ ટીકાખોર પર પોતાની શક્તિ નહીં અજમાવી હોય. જે કાંઇ બન્યું હશે, પરંતુ આજે ટીકાકારોની જમાત પુષ્કળ વધી ગઇ છે.

માણસના મનમાં પણ પ્રશંસા અને ટીકા-નિંદાની ભરતી-ઓટ આવ્યા જ કરે છે. ક્યારેક નાની ભરતી આવે છે, ક્યારેક મોટી. માણસ પ્રશંસામાં ભલે પાછીપાની કરે, પણ ટીકાયુદ્ધમાં વિજેતા બનવામાં કશી જ કચાશ રાખતો નથી. માણસ એટલે દોષસંશોધક સિદ્ધહસ્ત પ્રાણી. માણસ પોતાના સિવાય તમામ લોકોના દોષોની લાંબીલચક યાદી આસાનીથી કરી શકે છે. સંત અને સામાન્ય જનમાં આ જ ફેર છે. જાતની ટીકા કરે તે સંત અને જગનિંદા કરે તે નિમ્ન માણસ. માણસની ગુણદૃષ્ટિ અગ્નિને જુએ છે, જ્યારે દોષદૃષ્ટિ ધુમાડાને. અંધકાર-ઉપાસકોનો પણ એક સંપ્રદાય છે. આ સંપ્રદાયની એ લાક્ષણિકતા છે કે નેતૃત્વ વગર પણ એના અનુયાયીઓ વધ્યા જ કરે છે.

ટીકાખોરી એ ચેપી રોગ છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિની ટીકા કરે, એ ટીકાનો શિકાર બનેલો માણસ પણ એનાથીય આકરી, બદતર ટીકા કરવા મેદાને પડવાનો, કારણકે માણસને ટીકાત્મક શબ્દો તીરની જેમ સાલતા હોય છે. માણસ ભલે શ્યામરંગી કૃષ્ણ સમીપે જાય, પણ એણે શ્યામરંગ સમીપે નહીં જવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ.

માણસ જ્યારે કોઇ પણ વસ્તુ, વ્યક્તિ, સ્થિતિ, પરિસ્થિતિની ટીકા કરતો હોય છે, ત્યારે મનોમન પોતાની જાતને અવશ્ય આશ્વસ્ત કરતો જ હશે કે પોતે તેવા દોષ કે ટીકાપાત્ર પરિસ્થિતિથી મુક્ત છે. સત્ય માણસને કટુ સ્વાદવાળા ભોજન જેવું લાગે છે, જ્યારે ટીકાભર્યું અસત્ય તેને છપ્પન ભોગ જેવું સ્વાદિષ્ટ લાગે છે!

માણસ ભલે સંત કબીરની કક્ષાએ પહોંચી નિંદકને પોતાના પ્રાંગણમાં કુટીર બનાવીને સ્વભાવ-સુધારણાના ‘સાબુ’રૂપે સન્માનિત કરવા તૈયાર ન થાય, પણ કબીરે આપેલી બીજી સલાહ અમલી બનાવવાનું માણસ માટે મુશ્કેલ નથી! કબીર કહે છે, હાથી પોતાના રસ્તે (વટભેર) ચાલતો રહે છે, કૂતરાં ભોંકતાં હોય તો ભલે ભોંક્યાં કરે!

માણસ ટીકા કે નિંદા સહન કરવામાં સાવ પોચટ છે. લોકલાજ કે તેના ડરથી, ટીકાના શબ્દ માત્રથી વિહ્વળ બની જાય છે. તે ટીકાખોર ટીકા કે નિંદાનો આનંદ લેતો સો મણના ગાદલામાં નિરાંતે ઊંઘે છે, પણ ટીકાશ્રવણ કરનાર પથારીમાં પડખાં ફેરવતો નિસાસા નાખ્યા કરે છે! ટીકાખોરની જીત અને ટીકાના શિકાર બનનારની હાર! કેવી વિચિત્ર પરિસ્થિતિ! અંધારિયું જાતે જીતતું નથી, આપણામાં રહેલી સહિષ્ણુતા અને શુભ દૃષ્ટિનો અભાવ જ અંધકારને જીતવામાં મદદરૂપ થાય છે. ટીકાખોર ઘૂવડ જેવો છે. એનાથી માણસના વ્યક્તિત્વની ધવલતા, ઉજાશ કે પ્રકાશ સહન નથી થતા!

ટીકાખોરોએ સદ્વર્તનનો દાખલો ઈશ્વર પાસેથી લેવા જેવો છે. ઈશ્વર માણસનો ન્યાય તોળવામાં લેશમાત્ર ઉતાવળ નથી કરતો. માણસના મૃત્યુ પહેલાં એનો હિસાબ માંડવાનો પ્રયત્ન નથી કરતો!

ડેલ કાર્નેગી ટીકા કે આલોચનાને વ્યર્થ ગણે છે, કારણકે આલોચક પોતાને ‘દૂધ ધોયો’ માને છે. ટીકા ભયંકર છે, કારણકે તે માણસના આત્મગૌરવ પર આક્રમણ કરી એને હચમચાવી મૂકે છે અને માણસમાં રહેલા ક્રોધને પ્રદીપ્ત થવાનું પ્રોત્સાહન પૂરૂં પાડે છે! આજ લગી થયેલાં યુદ્ધોમાં શસ્ત્ર કરતાં આલોચક કે ટીકાખોરની કથોલી જીભનું કારસ્તાન કેન્દ્રસ્થાને રહ્યું છે. કોઈ ટીકા કે નિંદા કરે ત્યારે શું કરવું, એ દરેકને મૂંઝવતો પ્રશ્ન છે. ટીકા કે આલોચનાને બુઠ્ઠી કરવાનો રામબાણ ઈલાજ છે ટીકાકારની ઉપેક્ષા અને ટીકા પરત્વેનું મૌન, કારણકે ક્યારેકક્યારેક મૌન ધારણ કરવું એ પણ ટીકાખોરની ટીકાનો તીખો-ધારદાર ઉત્તર નીવડતો હોય છે! ટીકા પરત્વેની શુભ દૃષ્ટિ માણસને એ પણ શીખવતી હોય છે કે ટીકામાં જો સાર હોય તો તેટલો અંશ સ્વીકારી આત્મદર્શન દ્વારા શુદ્ધ થવાની મનોમન કોશિશ કરવી. માણસનું મન ટીકાના સરવાળાને બદલે તેની બાદબાકી કરવાનું જાણતું હોય તો? જો તમે પોતે ટીકાખોર બનવાનું છોડશો તો ટીકાની બાદબાકીના શ્રીગણેશ થશે. ટીકાખોર એ કોલસા જેવો છે. એ ઊજળો બનશે, એની રાહ જોવી એ આત્મપ્રવંચના છે. જેવો છે તેવો તેને સ્વીકારી આપણા કાન બંધ કરી દેવા એ જ આપણે માટે શ્રેષ્ઠ વિકલ્પ.

*- સાભાર*

# પૈસા – સુખનું મુખ્ય સાધન

■ હરીશ શાંતિલાલ મહેતા

ભગવાન બુદ્ધે સુખી માણસનું પહેરણ શોધી લાવવા કહ્યું. આખા ગામમાં કોઈ સુખી ન નીકળ્યું. સૌને કોઈ ને કોઈ દુઃખ હતું જ. ગામને પાદરે એક વ્યક્તિ મળી ગઈ. તેણે કહ્યું કે, તે જરૂર સુખી છે. કમનસીબી એ હતી કે તે વ્યક્તિ પાસે પહેરણ નહોતું. સુખ માટે શું જરૂરી છે? સતયુગથી માંડીને કળિયુગ સુધી સુખનાં પરિમાણો બદલાયાં છે. બાવા, સાધુ, બાબા, કથાકારો, મહારાજો સૌ મસમોટાં પ્રવચનો આપે છે. તેમનું લક્ષ્ય ભક્તોની, શ્રોતાજનોની મિલકત, ધન, વૈભવ, સંપત્તિ, ખજાનો, દોલત હોય છે. પૈસો જ સર્વે દુઃખનું મૂળ છે તેવું સમજાવવાનો, ઠસાવવાનો અને સિદ્ધ કરવાનો તેમનો પ્રયત્ન હોય છે. લગભગ તમામ સ્તરે શબ્દોની કલદાર રંગોળી પુરાય છે. બાકી કોઈ સંપત્તિ, પૈસો છોડી નથી દેતું. વ્યાસપીઠ, મંચ, પાટ પરથી સમજાવાતા શબ્દોની ધારી અસર પડતી જ નથી. કારણ સ્પષ્ટ છે, એ કહેવાતા પૂજ્યશ્રીઓ એવું સમજાવવાનો પ્રયત્ન કરે છે કે પૈસો જ સર્વે દુઃખનું મૂળ છે.

અમો સ્પષ્ટપણે માનીએ છીએ કે ધનવૈભવ સુખનું મુખ્ય કારણ છે. માનવીની અને સમાજના વિકાસની પારાશીશી પૈસો છે. તમામ સામાજિક, આર્થિક, પારિવારિક કે વ્યક્તિગત પ્રવૃત્તિઓ પૈસાની આસપાસ કેન્દ્રિત થયેલી છે. બે દશકા પૂર્વેની ઘટના છે. એક જાણીતા અંગ્રેજી વર્તમાનપત્રએ હરીફાઈ રાખી. સમગ્ર જીવનના સારરૂપી એક જ વાક્ય (વન સેન્ટેન્સ ઓનલી) લખી મોકલાવો. હજારો એન્ટ્રીઓ હતી. અંદાજે એક કરોડ રૂપિયાનું ઈનામ એક વાક્ય લખનારને મળવાનું હતું. ઈનામવિજેતાનું વાક્ય હતું, ''પૈસો જીવનમાં કશો જ મહત્ત્વનો નથી.'' વિજેતાએ ભલે જીવનના અનુભવના સારરૂપી વાક્ય લખ્યું, પણ ઈનામની રકમ સહર્ષ સ્વીકારી લીધી. ભાઈ પૈસા જતા કરવા નહોતા માગતા. તેઓ તેનું મહત્ત્વ સમજતા હતા.

ધનની ત્રણ ગતિ છેઃ લોભીનું ધન સમૂળગું નાશ પામે છે, જે ધન વાપરે તેનું ધન ખૂટતું જાય છે, પણ જે ધનને સમાજઉત્કર્ષમાં દાન કરે છે તેનું ધન સાચા અર્થમાં બમણું થાય છે. જીવન જીવવા પછી ભલે તે ભૌતિક સુખ હોય કે જરૂરિયાત ગણો, ધન એ મુખ્ય સાધન છે. પૈસો બિનજરૂરી છે તેવું માનનારા દ્રાક્ષ ખાટી માનનારા શિયાળ જેવી વૃત્તિ ધરાવે છે.

ધનને અંગ્રેજીમાં કરન્સી કહે છે. કરન્સી શબ્દ કરન્ટમાંથી ઊતરી આવ્યો છે. આમ તમામ દુન્યવી પ્રવૃત્તિઓમાં કરન્ટરૂપી પૈસા છે. જે માનવી સમાજ માટે પૈસાનો ઉપયોગ કરે છે તે વિકાસ માટે છે, અન્યથા ધન માટી થઈને નાશ પામે છે. વિકસિત દેશની આર્થિક વ્યવસ્થાઓ પણ આ સિદ્ધાંત પર જ ચાલતી હોય છે.

તમારે સૌ રૂપિયા ખર્ચવા હોય અને ગજવામાં પાંચસો રૂપિયા હોય તો તમે સુખી ગણાવ એ સમાજવ્યવસ્થામાં આપણે વસીએ છીએ. ઘણા ધનપ્રેમીઓ આ સો-પાંચસોનો રેસિયો પાંચ હજાર પર લઈ જવા માગતા હોય છે અને શરૂ થાય છે ગોલમાલ, પ્રપંચ, કાવાદાવા, સાચાખોટા, ભેળસેળ, કાળાબજાર, કરચોરી જેવાં તમામ દૂષણો એકસાથે જીવનમાં પ્રવેશે છે. અહીં ખટરાગ શરૂ થાય અને ધન વિકાસને બદલે વિનાશ તરફ ઘસડી જાય છે.

ધન એ વિકાસનું પહેલું પગથિયું માનીને અન્ય પગથિયાંની ગોઠવણી કરીને જે જીવન જીવે છે તેનો પતંગ ઠેબા નથી ખાતો. ધન વિષે ઘણું લખાયું છે, બોલાયું છે, મનન, ચિંતન કરાયું છે, પણ વ્યવહારે સમજાયું છે કે ધન એ જરૂરી અને આવશ્યક છે. તે ન હોય તો મનુષ્ય દુઃખી જરૂર છે, પણ તે હોય તે સહુ સુખી તો નથી જ. ધનનો ઉપયોગ જ ધનની યથાર્થતા સમજાવશે.

# સુખ-દુઃખનું મૂળ : વિચાર

સૃષ્ટિના સર્જનથી માંડી અદ્યાપિ આધુનિક શોધખોળોમાં જે કંઇ પરિવર્તનો થયાં છે તેનું કારણ મનુષ્યની વિચારશક્તિ છે. સૃષ્ટિમાં કે સંસારમાં આપણે જે કંઇ જોઇએ છીએ તે પ્રભુએ માનવીને પ્રેરેલા વિચારોનું મૂર્તિ સ્વરૂપ છે, એટલું જ નહિ, પશુ-પક્ષી કે અન્ય સજીવ સૃષ્ટિના જીવન કરતાં મનુષ્યના જીવનમાં થતા ક્રમિક ફેરફારો પણ વિચારનું જ પરિણામ છે, કારણ કે, મનુષ્યના મનોજગતમાં અવિરત વિચારોની હારમાળા વહેતી હોય છે. આ વહેતા વિકેન્દ્રિત વિચારોને સંયમરૂપી બિલોરી કાચ દ્વારા કેન્દ્રિત કરવામાં આવે તો એક અદ્‌ભુત સર્જન થાય છે. વિચારના બળે કરીને જ અનેકાનેકનું જીવન પરિવર્તન કરતા સાહિત્યનું સર્જન થાય છે. વિજ્ઞાન અને ટેકનૉલૉજીનો હરણફાળ વિકાસ થઇ રહ્યો છે. માનવી પૃથ્વી પરથી આરોહણ કરી ચંદ્ર પર જઈ શક્યો છે. સમુદ્રના પેટાળમાં સમાઈને રત્નો શોધી શક્યો છે. વેપાર, વ્યવસાય અને ખેતી પણ કરી રહ્યો છે, એટલું જ નહિ, અન્ય સજીવ સૃષ્ટિ પાસે પોતે ધારેલાં કાર્ય કરાવી શકે છે તેનું કારણ વિચાર જ છે. સ્પષ્ટ રીતે કહી શકાય કે, મનુષ્યની કાર્યશક્તિનું ચાલકબળ પ્રભુએ પ્રેરેલા વિચારો જ છે.

વિચારો જ નૂતન સર્જન કરી શકે છે અને વિચારો જ સર્વનાશ સર્જે છે. સદ્‌વિચારો સૌનું પરમહિત કરી શકે છે, જ્યારે ખરાબ વિચારો અનેકનું નિકંદન કાઢી નાખે છે. પ્રભુના અખંડ સંબંધયુક્ત અને પ્રભુમાં સંલગ્ન એવા વિરલ સંતો અને સત્પુરુષો તથા અનેકવિધ મહાન વ્યક્તિઓના વિચારોની ઉત્કૃષ્ટતાએ તેમનાં પોતાનાં અને અનેકનાં જીવન પરિવર્તન કર્યાં છે. જ્યારે એડોલ્ફ હિટલર તથા આતંકવાદીઓના નિમ્ન અને હીન વિચારોએ પોતાના અને કેટલાયનાં જીવન બરબાદ કર્યાં છે અને કરે છે.

મહાન વ્યક્તિઓની મહાનતા તેમના આદર્શ આચરણને લઈને જ છે અને આચરણનું મૂળ વિચાર છે. જેવો વિચાર આવે તેવો આચાર એટલે કે આચારની જન્મોત્રી મનમાં ઉદ્‌ભવતા વિચારો છે. એટલે જ કહેવાયું છે કે...

''જેવા વિચારો તમે કરવાના, એવા જ જરૂર તમે થવાના.''

મહાન વ્યક્તિઓનું આદર્શ જીવન તેમના વિચારોમાં પ્રતિબિંબિત થતું હોય છે.

તમને કેવા પદાર્થો, વસ્તુ કે વ્યક્તિ ગમે છે ? કેવું સંગીત સાંભળવું ગમે છે ? કેવું સાહિત્ય વાંચવું ગમે છે ? કેવા પ્રકારના શોખ છે ? વગેરે બાબતો આંતરિક વિચારોનું દર્શન કરાવે છે અને એ આંતરિક વિચારો જ આપણી બુદ્ધિ અને આંતરતંત્રનું પરિમાણ કાઢે છે.

મનુષ્યમાત્ર લાગણીશીલ પ્રાણી હોવાથી બહુધા લાગણીઓના આવેશમાં આવી જાય ત્યારે પોતે શું વિચારે છે ? શું બોલે છે ? કે શું કરે છે ? તેનો પણ તેને ખયાલ રહેતો નથી. પછી તે લાગણી વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેની હોય કે પશુ-પક્ષી કે જડ-ચૈતન્ય કોઈના પણ વિષેની હોય, પરંતુ પોતે લાગણીના વહેણની સાથે વહી જાય છે. માટે લાગણીઓ પર વિચારનું શાસન ખૂબ જરૂરી છે, કારણકે વિચાર જ તેને અંકુરિત કરી યોગ્ય માર્ગે દોરે છે અને સુખના દ્વાર સુધી લઈ જાય છે. વિચારનું આપણા જીવનમાં વિશેષાધિક મૂલ્ય છે, પરંતુ વાસ્તવિક્તાએ બિજ દર્શન કરીએ તો આપણે આપણા જીવનમાં જે વાત પર સૌથી ઓછું મહત્ત્વ આપીએ છીએ તે છે આપણી વિચાર કરવાની રીત, વિચાર કરવાની આ રીત પર જ આપણા જીવનનો પડઘો પડે છે. જેમ લીલાછમ લહેરાતા કે સુકાઈ ગયેલા ઠૂંઠા જેવા ઝાડનું કારણ તેના મૂળ છે. જો મૂળ લીલાછમ તો ઝાડ પણ લીલુંછમ અને મૂળ સુકાઈ ગયાં તો ઝાડ પણ સુકાઈ જાય છે. તેમ આપણા જીવનમાં સુખ અને દુઃખનું મૂળ આપણા વિચાર જ છે. આપણા વિચારો જ આપણા માર્ગમાં કાંટા કે ફૂલ વેરે છે. ત્યારે આપણે કેવા વિચારો કરવા એની સ્વતંત્રતા આપણા હાથમાં જ છે:

વિચારો બે રૂપે પ્રગટ થઈ આવતા હોય છે: કાર્યરૂપે અને કલ્પનારૂપે. બહુધા વિચારો કાર્યરૂપે પ્રદર્શિત થતા હોય છે. દિવસ દરમિયાન ઉદ્‌ભવતા આ વિચારોનું તારણ કાઢતાં ખયાલ આવે કે આપણને ૯૮ નકારાત્મક વિચારો જ આવતા હોય છે. આ નકારાત્મક વિચારો જ આપણા જીવનનું નૂર છીનવી લે છે અને આપણને નિર્માલ્ય બનાવી દે છે. નકારાત્મક વિચારોને આપણે શબ્દો દ્વારા વારંવાર બોલવા છતાં ઓળખી શકતા નથી. જેમકે, ''મારાથી આ શક્ય નથી, મને આવું ન આવડે, મારી યાદશક્તિ ઓછી છે, હું સમયસર ઊઠી શકતો નથી, હું ચપળતાથી વ્યવહાર કરી શક્તો નથી, મને બધે અસફળતા જ મળે છે, કોઈ મારી સાથે સારો વ્યવહાર કરતું નથી, કોઈ મારી લાગણીઓને સમજી શકતું નથી, આવું જીવન જીવવું તેના કરતાં ન જીવવું સારું.''

આવા અનેક નકારાત્મક વિચારો દિવસ દરમિયાન આવતા હોય છે જેના કારણે આપણને અંદર ઉદ્વેગ, અશાંતિ અને ચિંતા રહ્યાં કરતાં હોય છે. એનું સ્પષ્ટ કારણ આવા નકારાત્મક વિચારો જ છે. આવા વિચારો આપણી અંદર રહેલી કાર્યશક્તિને હણી લે છે. હકારાત્મક વિચારની સામે નકારાત્મક વિચારોનો પ્રવાહ જો વધુ હોય તો તે હકારાત્મક વિચારોને દબાવી દે છે. મન પર નકારાત્મકતાનું સામ્રાજ્ય ફેલાવી દે છે અને થોડી વારમાં જેવું વિચાર્યું હોય તેવું જ આપણને અનુભવાય છે. ત્યાર પછી તો

તમામ કાર્યો નકારાત્મક જ થવા માંડે છે.

જેલના એક કેદીને કહેવામાં આવ્યું કે, ''આજે રાત્રે સર્પદંશથી તારું મૃત્યુ થશે.'' પછી તેને મોટામોટા સાપ અને તેનાં દૃશ્યો બતાવવામાં આવ્યાં, રાત્રે તે ભરનિદ્રામાં સૂતો હતો એ જ વખતે જેલરે માત્ર ટાંકણી મારી તો આખા શરીરમાં ઝેર ચડી ગયું હોય એવું અનુભવ્યું અને થોડી વારમાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું, કારણકે મનમાં નકારાત્મક વિચારોનું જ મનન થતું હતું કે મારું આજે રાત્રે જરૂર સર્પદંશથી મૃત્યુ થશે.

દીકરા-દીકરી કે અન્ય સભ્યો દરરોજ રાત્રે ૮.૩૦ વાગ્યા સુધીમાં મોડામાં મોડાં ઘરે આવી જતાં હોય અને કોઈ દિવસ મોડું થાય તો તરત જ તેમના માટે કેવા વિચારો આવે છે? બહુધા નકારાત્મક વિચારો જ આવતા હોય છે, જેમ કે, ''ક્યાંય ઍક્સિડન્ટ તો થયો નહિ હોય ને?'' વળી, એમની પ્રત્યે શંકાની નજરે પૂછપરછ થાય, ક્યારેક ઊલટતપાસ પણ થતી હોય, અભાવ-અવગુણની પ્રવૃત્તિ થતી હોય. આ બધું નકારાત્મક વિચારોની જ ફલશ્રુતિ છે.

ધંધા-વ્યવસાયમાં કે શિક્ષણમાં કે જીવનના હરકોઈ ક્ષેત્રમાં જો ક્યાંક અસફળતા મળે તો તરત જ નકારાત્મક વિચારો થવા માંડે છે. પરિણામે એ નકારાત્મક વિચારનાં સ્પંદનો જ વધુ અસફળતાને આવકારે છે. એટલે જ નેપોલિયન હિલે પોતાના શબ્દોમાં કહ્યું છે કે,

''જો વિચાર્યું કે પિટાઈ ગયા તો પિટાઈ ગયા,
જો વિચાર્યું કે હિંમત નથી તો હારી ગયા,
જો વિજયની ચાહના છે કિંતુ વિચારો છો કે,
જીતી નથી શકતા, તો નિશ્ચિંતપણે તમે હારશો જ.
જો સંશય પીછેહઠનો છે તો પીછેહઠ કરશો જ.
એટલે હંમેશાં આગળ ધપવાનું વિચારો,
પ્રભુના દૃઢ વિશ્વાસથી આગળ ધપો,
તો જ તમારો પ્રયાસ પુરસ્કૃત થશે.''

દુનિયામાં હંમેશાં એક જ વાત જોવા મળે છે કે સફળતાની શરૂઆત માનવીની વિચારસરણી પર નિર્ભર છે, પરંતુ ખરેખર દિવસ દરમિયાનનો બહુધા સમય આપણે નકારાત્મક વિચારોમાં વિતાવતા હોઈએ છીએ, એમાં જ દુઃખી થવાય છે. એકબીજાને દુઃખી કરાય છે, પરંતુ ગમે તેવા સંજોગ-પરિસ્થિતિ, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આપણા વિચારોને હકારાત્મક કરી દઈએ તો દુઃખનો અંત આવે અને સુખની શરૂઆત થાય. ચિંતા અને તણાવમુક્ત થઈ હળવાફૂલ જેવા થઈ જવાય. સ્વાસ્થ્ય પણ સારું થઈ જાય. માટે હંમેશાં સવળું જ વિચારવું.

વિચાર જ સુખી કરે છે ને વિચાર જ દુઃખી કરી દે છે... સુખી થવું કે દુઃખી થવું તે આપણા જ હાથમાં છે... તો શા માટે Positive વિચારો કરી સદાય સુખી ન રહેવું???




# મૃત્યુનો ડર તમને જીવવા નથી દેતો?

■ જિગીષા જૈન

મૃત્યુનો ડર લગભગ બધાને જ લાગે છે, પરંતુ એ એક હદ સુધી વધી જાય તો એ રોગ બની જાય છે જેને થૅનેટોફોબિયા કહે છે. તાજેતરના રિસર્ચ અનુસાર મૃત્યુનો ડર ધરાવનારા લોકો અત્યંત સંવેદનશીલ હોય છે. આજે જાણીએ આ ડર કઈ રીતે મનુષ્યની અંદર ઘર કરી જાય છે અને એનાથી શું નુકસાન થઈ શકે છે

શું તમને મૃત્યુનો ડર લાગે છે? આ પ્રશ્નનો જવાબ હકીકતમાં જો પ્રામાણિકતાથી લોકોને પૂછવામાં આવે તો કેટલા લોકો છે જે હિંમતથી ના પાડી શકશે? મૃત્યુથી ડર લગભગ બધાને જ લાગે છે. જીવનની કિંમત ત્યારે જ છે જ્યારે મૃત્યુનું અસ્તિત્વ છે. આ ડરને મેડિકલની ભાષામાં થેનેટોફોબિયા કહે છે.

મૃત્યુનો ડર છે એટલે તો લોકો ઈચ્છા ન હોવા છતાં ડાયટ-ફૂડ ખાય છે. મૃત્યુનો ડર છે એટલે તો સવારે ઊઠવાનું ગમે કે ન ગમે, પરંતુ દરરોજ વહેલા ઊઠીને ચાલવા નીકળી પડે છે. મૃત્યુનો ડર છે એટલે તો આટલી ઈન્શ્યોરન્સ કંપનીઓનો બિઝનેસ ચાલે છે. મૃત્યુનો ડર છે એટલે જ વ્યક્તિ સમાજમાં કોઈ સાથે સંબંધ બગાડતી નથી. લાખો રૂપિયાના ખર્ચા કરીને એક હૉસ્પિટલથી બીજી હૉસ્પિટલ ધક્કા ખાઈખાઈને, નિષ્ણાત ડૉક્ટરો બદલીબદલીને પણ એક જ ડર સાથે ઈલાજ કરાવવા ઈચ્છે છે અને એ છે મૃત્યુનો ડર.

આ ડર કંઈ માણસને જ હોય છે એવું નથી. જીવ માત્રને પોતાના જીવન પ્રત્યે પ્રેમ અને લગાવ હોય છે અને એને મૃત્યુનો ડર સતાવે છે અને આ ડર જ છે જે એને કપરામાં કપરી પરિસ્થિતિ સામે ઝઝૂમવાની પ્રેરણા આપે છે. આ ડર જ છે જે એક પામર હરણાને સિંહથી વધુ ઝડપથી ભાગી પોતાનો જીવ બચાવવા માટેનું બળ પ્રદાન કરે છે. આમ જોવા જઈએ તો મૃત્યુનો ડર અત્યંત સામાન્ય અને ઘણે અંશે જરૂરી પણ છે, પરંતુ જ્યારે એ ડર જરૂર કરતાં વધી જાય ત્યારે એ એક રોગ બની જાય છે.

તાજેતરમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે મૃત્યુનો ડર વ્યક્તિને અત્યંત સંવેદનશીલ બનાવે છે. ૨૦૦૧ના ઑગસ્ટમાં ટૉરોન્ટોથી લિસ્બન જનારી ફ્લાઈટમાં બળતણ ખતમ થઈ ગયું હોવાથી આ ફ્લાઈટે ઍટલાન્ટિક સમુદ્રમાં મધદરિયે એક ટાપુ પર અણધાર્યું લૅન્ડિંગ કરવું પડ્યું હતું. આ આખા બનાવમાંથી પસાર થનારા લોકો ત્યારે ક્યા ડરથી પસાર થયા હશે એ સમજી શકાય એમ છે, પરંતુ એ બનાવનાં વર્ષો વીતી ગયાં પછી પણ એની અસર આ લોકોમાં જોવા મળી. સંશોધકોએ આ લોકોને જ્યારે એ બનાવ વર્ણવવાનું કહ્યું ત્યારે તેમણે આટલા જૂના બનાવનું વર્ણન એ રીતે કર્યું જાણે એ બનાવ કાલે જ બન્યો હોય. એના પરથી સંશોધકોએ તારણ કાઢ્યું કે મોતનો અનુભવેલો ડર યાદશક્તિ પર ખૂબ વધારે પ્રભાવ પાડે છે, કારણકે બીજા કેટલાય બનાવો તે ભૂલી ગયા હતા, પરંતુ આ બનાવ કોઈ ભૂલ્યું નહોતું.

આ ઉપરાંત આ વ્યક્તિઓને જ્યારે આ જ પ્રકારના બીજા ટ્રૉમા જેમ કે ૯-૧૧નો વીડિયો બતાવવામાં આવ્યો ત્યારે એ તેમની સાથે બનેલો બનાવ ન હોવા છતાં તેમના મગજ પર એટલી જ ગહેરી અસર કરતો હતો જેના દ્વારા એ સમજી શકાયું હતું કે નકારાત્મક બનાવોને જોવાનું વલણ જ આ લોકોમાં એ બનાવ પછીથી બદલાઈ ગયું હતું. એ વધુ સંવેદનશીલ થઈ ગયું હતું. મૃત્યુનો ડર ક્યાંક્યાં કારણોસર લાગી શકે અને એ માણસને કઈ રીતે અસર કરે એ વિશે આજે વિસ્તારમાં જાણીએ.

**કોને થાય?**

બધા જ ડર અંતે મૃત્યુના ડર સાથે જોડાયેલા છે એ વાત સમજાવતાં સાઈકિયાટ્રિસ્ટ ડૉ. આશિત શેઠ કહે છે, ‘કોઈને ઊંચાઈનો ડર હોય તો કોઈને પાણી કે આગનો. બધા જ ડર મૃત્યુ સાથે સંબંધિત છે. આગનો ડર માણસને એટલે જ છે કે આગથી તે બળી જશે અને તેને હાનિ પહોંચશે, તેના જીવનને હાનિ પહોંચશે. બીજી સમજવા જેવી વાત એ છે કે લોકોને લાગે છે કે આ ડર મોટી ઉંમરના

લોકોમાં જોવા મળતો હશે, જેમને પોતાનું મૃત્યુ સામે દેખાતું હોય છે. પરંતુ એવું નથી. મોટી ઉંમરના લોકોએ કંઈક અંશે ખબર હોય છે, કે તે મરવાના છે. જેમને મૃત્યુનો ડર લાગે છે એ છે ૩૦-૫૦ વર્ષની વચ્ચેના લોકો. આ ઉંમરના લોકોમાં ઘણી અસુરક્ષિતતાની ભાવના હોય છે, જે મૃત્યુના ડરને આમંત્રે છે.'

### કઈ રીતે હાનિ?

મોતનો ડર વ્યક્તિને જીવનનો આનંદ માણતા રોકે છે અને ઈચ્છા-અનિચ્છાએ તેને ઘરમાં કેદ કરી નાખે છે. કોઈ પણ જગ્યાએ, કોઈ પણ વસ્તુમાં તેને મૃત્યુ જ સામે દેખાય છે. જે વ્યક્તિમાં ડિપ્રેશનની શરૂઆત થઈ છે એ વ્યક્તિ મૃત્યુનો ડર ધરાવતી હોઈ શકે છે, જ્યારે જે વ્યક્તિ પર ડિપ્રેશન વધુ માત્રામાં આવ્યું છે તેને આપઘાતના વિચાર આવતા હોય છે. આ વિશે વધુ પ્રકાશ પાડતાં ડૉ. આશિત શેઠ કહે છે, 'ઘણી વ્યક્તિઓ એવી હોય છે જે સ્મશાને જતાં ડરે છે, હૉસ્પિટલમાં જતાં તેમને બીક લાગે છે, બીમારીનું નામ સાંભળીને તે ભાગી જાય છે, રોગચાળો ફાટી નીકળ્યો હોય ત્યારે ઘરમાં ભરાઈ બેસે છે. આ બધાં જ મૃત્યુના ડરનાં લક્ષણો છે. ઘણા લોકો એવા છે જે આ ડરને કારણે એ સ્વીકારવા તૈયાર નથી હોતા કે તેમને કોઈ રોગ છે અને એને લીધે તે ડૉક્ટર પાસે પણ નથી જતા. પોતાની બીમારીનો ઈલાજ પણ નથી કરાવતા તો ઘણા એવા છે જેને નખમાંય રોગ ન હોય, પરંતુ વગર કારણે ડૉક્ટરના દરવાજે પહોંચી જાય છે. મૃત્યુના ડરને કારણે હાઈપોકૉન્ડ્રિયાસિસ ઑબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઑર્ડર, ડિલ્યુઝનલ થિન્કિંગ, નોસોફોબિયા વગેરે સાઈકોલૉજિકલ પ્રૉબ્લેમ્સને પણ આમંત્રણ મળે છે.'

### અલગ-અલગ પ્રકાર

૧. મૃત્યુનો ડર ઘણાને ધાર્મિક પ્રકારે લાગતો હોય છે, જેમાં નરકની કલ્પનાઓ, ભગવાનને શું જવાબ આપીશું એવી ભીતિ, પોતાનાં કર્મોનું કુફળ વગેરે વસ્તુઓ ડરાવતી હોય છે.
૨. ઘણા માટે આ અજાણી વસ્તુ માટેનો ડર સાબિત થાય છે. મૃત્યુ પછી પોતાની સાથે શું થવાનું છે એ કોઈ જાણતું નથી એને કારણે વ્યક્તિને મૃત્યુનો ડર લાગતો હોય છે.
૩. દરેક વસ્તુ પર કાબૂ મેળવવો એ માણસનો મૂળભૂત સ્વભાવ છે, પરંતુ મૃત્યુ પર એ કાબૂ મેળવી શકતો નથી. પોતાનો પોતા પર કન્ટ્રોલ ખોઈ બેસવાનો ડર વ્યક્તિમાં મૃત્યુ માટે ડર જગાવે છે.
૪. દુઃખ, દર્દ, તકલીફનો ડર પણ મૃત્યુ માટેનો ડર જન્માવે છે. ઘણા લોકોને રોગોથી ડર લાગે છે એમ વિચારીને કે પોતાને કોઈ રોગ થશે તો કેટલી પીડા થશે. તે મૃત્યુથી ડરવા લાગે છે.
૫. પોતાના સ્વજનો પ્રત્યેની ચિંતા પણ વ્યક્તિને મૃત્યુના ડર સુધી લઈ જાય છે. પોતે નહીં હોય તો તેમના સ્વજનની શું હાલત થશે એ ભયે લોકો મૃત્યુથી ડરવા લાગે છે.

મહત્ત્વની વાત એ છે કે જો આ ડર તમારી કે તમારી આજુબાજુના લોકોની જિંદગીને અસર પમાડતો હોય તો એનો ઈલાજ જરૂર છે, કારણકે આ ડર જેટલી જિંદગી તમારી પાસે બચેલી છે એને પણ પૂરી રીતે જીવવા નથી દેતો હોતો.



DARSHAN B. SHAH
BFM, MBA, LLB
ADVOCATE HIGH COURT
Services Provide like :
SRA · MHADA · Criminal-D.V Act · Will · Company Law · Family · Income tax cases · Deemed Conveyance · Succession Certificate · Probate · Cheque Bouncing · RTI · Divorce · Agreement Registration · Property Cases
2/2, Crystal Plaza, Next to MM Mithaiwala
Opp. Malad Station, Malad (W), Mumbai-400064
Cell : 9930055689 Email : advo.darshan@gmail.com
Advt

# गुरु का संग आत्मा का रंग लाता है

**■ पारसपदरेणु आदित्यमुनि**

चातुर्मास का समय आत्मसाधना का अपूर्व समय... चातुर्मास के समय में जो साधनाए होती है गुरु भगवंत स्व आगम के चिंतन आत्म का अनुभव प्राप्त करके संग आए भक्तगण, श्रद्धालु भक्तिवंत श्रावक समुह को अपने अनुभव के ज्ञान से अंतरआत्मा को उत्साहित बनाने का विशिष्ट पुरुषार्थ करते है।

गुरु का संग ही आत्मा का रंग लाता है और साधना में चित्त अभंग दशा को प्राप्त करता है। मैं अनुभव करता हुं कि श्री चम्पकगच्छनायक मम आराध्य भगवन तपस्वीराज पू. श्री पारसगुरुवर की वाणी आत्मभावो को जगाती है। पूज्यवर की आगम वांचना संसार में उदासीन बना देती है। संसार नीरस बन जाता है। आगम का चिंतन चेतना को चेतनवंता बनाता है। आत्मसाधना में अंतर उमंग उत्साहित बनकर पुरुषार्थी बनाता है। इन्द्रिय विषयो से मुक्त होकर आत्मरसिक बनाते है। भगवान के भाव आगम याने भगवंत भावो का अखुट खजाना जिनवाणी हमे मोक्षमार्ग में स्थापित करती है। गुरु भगवन की प्रेरणा मोक्षमार्ग में प्रगति रुप बनकर साधना को प्रशस्त बनाती है।

शुद्ध ज्ञान ही शुद्ध आराधक बनाती है। चातुर्मास धर्म आराधना हेतु ही है और धर्म आराधना से आत्मगुणवैभव की प्राप्ति होती है। बाह्य जगत भावो का त्याग होता है। तभी आत्म आराधना होती है। साधक की धारणा पक्की होती है कि संसार कर्म बंधका कारक। संसार की क्रिया आत्मा के बंधन रुप ही है। अतः मुझे बंधनो से मुक्त होना है और बंधनो से मुक्त होने का एक ही मार्ग है, वह है मोक्षमार्ग। मोक्षमार्ग की आराधना प्रधान आधार है संवर और निर्जरा।

संवर याने आत्मा को सम्यक् रुप से श्रेष्ठ बना दे। कर्म कलंक के सभी स्थानो से रहित हो जाना। संसार में सुख की कल्पना ही मिथ्या मान्यता है। संसार में सुख नहि तो संसार के भावो अलिप्त हो जाना। संसार की क्रिया को अपनी न मानना और विषयभोग से मेरी आत्मा का ही अनर्थ। इस अनर्थ परंपरा के त्यागने के लिए ही व्रत प्रत्याख्यान है। भोग भावना का त्याग करना ही मेरे लिए परम हितावह है। भोग में धर्म नहि है। आत्मसाधना नहि। साथ ही क्रोध-मान-माया-लोभ के फंद में न फसना। कषाय की प्रवृत्ति आत्मगुणघात है। मेरे आत्मगुण रक्षा के लिए कषाय का सेवन न करने में पूर्ण जागृत बनकर रहना। मन, वचन, काया की प्रवृत्ति अशुभ पापमय न बनने देने का संकल्प करना।

पूर्वबद्ध अशुभ भाव से संग्रहित कर्मो से छूटने के लिए तप करना-उसके लिए रात्रि भोजन त्याग-एकासन, उपवास बेला-तेला-अठ्ठाइ मासखमण आदि कर के कर्म के भार से हलके बन जाना इसी संवर निर्जरा की साधना से आत्मउन्नति होती है। अंतः चातुर्मास के दिनो में आलस, प्रमाद का त्याग। गुरुशरण में एक मात्र धर्ममय बनने से ही चातुर्मास की सफलता सिद्ध होती है।

# गुरु से अन्य कोइ महान नहि

**■ सारिकाबहन महेता, हैदराबाद**

चातुर्मास का प्रारंभ गुरुपूर्णिमा के पवित्र दिन से है। गुरुपूर्णिमा के दिन अनेक आत्माए गुरु सान्निध्य में तीर गए है। गुरु बिना आत्मा का उद्धार नहि है। गुरु रुप, नौका ही संसारसागर पार कराती है। जैसे पानी के सिंचन से वृक्ष की वृद्धि होती है। वैसे ही गुरु सेवा करने से ज्ञान की वृद्धि होती है। गुरु मानव को हितशिक्षा देकर जीवन को उज्वल बनाते है। माता-पिता-भ्राता सभी से श्रेष्ठ जो भी कुछ है तो वह गुरु ही है। गुरु बिना मुक्ति का किनारा मिलता नहि है।

तीन लोक और नव खंड में गुरु से महान कोइ भी नहि है। सिद्ध भगवान की पहचान गुरु ही कराते है। गुरुकृपा से न धारे हुए सभी कार्य सिद्ध होते है। गुरु जीवन को नंदनवन सम महकाते है। ज्ञानी कहते है कि यदि तु गुरु उपासना में निमग्न रहेगा तो गुरु तुझे संसार समुद्र से तारने में अवश्य ही सहायक होगे। गुरु का ध्यान करने से पाप पलायन होते है और पुण्य का प्रभात खिलता है। गुरु सान्निध्य में जो सुख मिलता है वह सुख अन्य कही भी प्राप्त होता नहि है। अतः सन २०१६ के देवलाली में श्री चम्पकगच्छनायक तपस्वीराज पू. श्री पारसगुरुदेव के सान्निध्य में रहकर धर्म आराधनाओ द्वारा आत्म भगवान की भव्य अनुभूति करे।

## BIODATA



**NAME** : **DR. SMIT DEEPAK SHETH**
**Date of Birth** : 10th March, 1986
**Time & Place** : 08.15 AM, Mumbai
**Height &Weight**: 5.'10" ✶ 73 Kg
**Address** : 181/4955, Pantnagar, Ghatkopar (E), Mumbai – 400075 (R) 022-25012404
**Qualification** : M.D. (Medicine) from Baroda Government Medical College, SSG Hospital, Gujarat M.B.B.S. from Terna Medical College, Navi Mumbai
**Occupation** : First Year Residency in DM (Oncology) at Tata Memorial Hospital, Parel, Mumbai
**Caste** : Shri MachhuKatha Visashrimali Sthanakvasi Jain
**Native Place** : Wankaner, Rajkot
**Father** : Dr. Deepak Ramniklal Sheth [B.A.M.S] General Practitioner, Mob no-09969154791
**Mother** : Dr. Amita Deepak Sheth [L.C.E.H] General Practitioner, Mob no-09769014986
**Email** : - dramitasheth@gmail.com
**Younger Sister** : Miss Mansi Deepak Sheth C.A, Cleared CFA (US) Level 2
**Grand Father (Paternal)** : Late Mr. Ramniklal Somchand Sheth
**Grand Father (Maternal) :** Mr. Mohanlal Karsanji Mehta, (Prop. Mehta's Collection, Dadar T.T.) Shri MachhuKatha Visashrimali Swetamber Jain Native Place: Morbi

Advt.

## BIODATA



**NAME** : **RONAK RAJENDRA VORA**
**Date of Birth** : 13-12-1990
**Time & Place** : 03.12 AM, Borivali, Mumbai
**Height &Weight**: 5'10", 68 Kg
**Religion** : Dashashrimali Sthanakvasi Jain
**Qualifications** : M.B.A. from Welingkar's Institute, Matunga, Company Secretary (C.S.) Executive (Group1) from ICSI, M.Com from Mumbai University.
**Occupation** : Professor-Self Employed & Salaried. Proprietor at KNOWLEDGE COLLEGE ACADEMY (Andheri-East & Vile Parle-West) Associate Professor at THE INSTITUTE OF COMPANY SECRETARIES OF INDIA. Faculty at various different Institute/ classes across Mumbai (Western & Central)
**Personal Interest:** Learning, Teaching, Travelling, Music, Movies, Adventure Sports
**Mobile** : 9769692969 / 9619877187
**Email ID** : prof.ronakvora@gmail.com
**Native** : Haathasni (Savrashtra)
**Res. Address** : Flat No. 106/B-Wing, New Moonlight CHS Ltd, Near Vishal Hall, M. V. Road, Andheri (East), Mumbai - 400 069.
**Res. No.** : 022 26838420
**Mosal** : Nana-Late Shri. Kantibhai Harjivan Ghelani (Dhari) Mama-Late Kiranbhai Kantibhai Ghelani (Borivali), Himanshu Kantibhai Ghelani (Borivali)

Advt.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | રુચિત સંજયભાઇ શાહ, ૧૫-૬-૧૯૮૯, ૫'-૭''<br>CFA(Level-2), MBA (Finance), – સર્વિસ | ઝાલાવાડી દેરાવાસી જૈન<br>કોરડા - અંધેરી (ઈસ્ટ) | (મો) ૯૩૨૪૯૧૬૭૪૯<br>(મો) ૭૫૦૬૧૭૫૧૪૫ |
| ૨) | મીનય મહેશભાઇ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>એમ.બી.એ., બી.એમ.સી., - (નિર્દોષ છૂટાછેડા) | વીસા શ્રીમાળી ઘોઘારી જૈન<br>દીહોર – ભાઇંદર (ઈસ્ટ) | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૩) | ધૈર્ય મનીષભાઇ પારેખ, ૧૯-૪-૧૯૮૭, ૫'-૧૦''<br>MBA., – સર્વિસ BDM. Kifs Securities Pvt. Ltd. | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ - રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૪૭૩૬૯૩<br>(મો) ૯૦૩૩૫૩૨૩૨૧ |
| ૪) | ભાવિન હસમુખભાઇ શાહ, ૨૮-૧-૧૯૭૬, ૫'-૯''<br>MBA(Finance),–સર્વિસ-ડેવલપમેન્ટ બૅન્ક ઑફ સિંગાપોર | શ્રી વીજાપુર સ.વી.શ્રી. દેરાવાસી જૈન<br>માનસા - વિલે પાર્લે | (ઘર) ૨૬૧૪૯૯૬૯<br>(મો) ૯૩૨૧૦૬૬૫૫૨ |
| ૫) | પ્રતીક ભરતભાઇ શાહ, ૧૦-૨-૧૯૮૫, ૫'-૮''<br>બી.કૉમ., | દેરાવાસી શ્વેતા.મૂ.પૂ.વીસા ઓસવાલ<br>વીજાપુર - ભાઇંદર | (ઘર) ૨૮૧૯૪૮૮૮<br>(મો) ૯૬૬૪૦૮૮૧૬૯ |
| ૬) | અમિત નલિનભાઇ શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦''<br>બી.કૉમ, / એમ.કૉમ., - | વીસા ઓસવાળ દેરાવાસી જૈન<br>વેરાવળ - અંધેરી | (ઘર) ૨૬૨૦૯૬૫૬<br>(મો) ૯૮૨૦૪૫૭૦૮૭ |
| ૭) | દેવાંગ મહેન્દ્રભાઇ ભણશાલી, ૨૭-૩-૧૯૭૧, ૫'-૫''<br>એસ.વાય.બી.કૉમ., - કૉમ્પ્યુટર કોર્સ | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર – અંધેરી | (ઘર) ૨૬૮૭૮૦૦૯<br>(મો) — |
| ૮) | મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧''<br>C.A., Pursuing ACCA (UK), – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૯) | તેજસ ચંદ્રકાંત ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૦૨૫૦૨૩૩૪૭૨૨<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૧૦) | રાજન કિરીટભાઇ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦''<br>H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>બી.કૉમ. - સર્વિસ (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ (વેસ્ટ) | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૨) | ફ્રેની રણજિત શાહ, ૧૭-૧૦-૧૯૮૮, ૫'-૪''<br>C.S., - સર્વિસ (એકાઉન્ટન્ટ) | ઘોઘારી વીસા શ્રીમાળી દેરા.જૈન<br>હાલ વિલે પાર્લે | (ઘર) ૨૬૧૧૫૪૨૫<br>(મો) ૯૩૨૨૮૯૨૪૨૯ |
| ૩) | ધ્વનિ ભરતભાઇ શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>એમ.કૉમ., - | શ્રી કઠોર વીસા શ્રીમાળી જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) —<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૪) | રેશ્મા અશ્વિનભાઇ શાહ, ૧૨-૭-૧૯૮૧, ૫'-૬''<br>એસ.એસ.સી., - | ઝાલાવાડી મૂ.પૂ.શ્વે.જૈન<br>વઢવાણ – કાંદિવલી | (ઘર) —<br>(મો) ૯૮૨૧૧૨૯૯૬૩ |
| ૫) | પૂજા હેમંતભાઇ શાહ, ૧૮-૨-૧૯૯૫, ૫'-૨''<br>એસ.વાય.બી.કૉમ., કૉમ્પ્યુટર કોર્સ - | મહેસાણા દશા શ્રીમાળી મૂ.પૂ.શ્વે. જૈન<br>મહેસાણા – | (ઘર) —<br>(મો) ૯૨૨૮૧૦૮૩૬૪ |

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa
09 N / 10 D



₹115999/- Departure Every Wednesday

## Only Seychelles
05 N / 06 D



₹90000/- Departure Every Thursday

## Italy with Swiss
10 N / 11 D



EURO 1549 + Airfare + Visa Taxes Departure:Every Sunday

## Beauty Europe
08 N / 09 D



₹49999/- + Euro 1150 Departure Every Thursday & Sunday

## Amazing New Zealand
13 N / 14 D



₹80000/- + NZD 2559

## DUBAI
05 N / 06 D



₹50000/- Daily Departure

**INCLUSION: Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.**

ADVT.

GEM™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

- Hemang Doshi +91 9322216626
- Virag Shah +91 9821065854
- Hemen Kanthawala +91 9819084064
- Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

**HUGHES ROAD:** (022) 2367 7070, **DELHI:** +011 40540012/13, **PARLE:** (022) 26178400, **KHAR:** +91 8291619279, **KANDIVALI:** +91 9920133567, **VASHI:** +91 91 22 41237070, **PUNE:** +91 9326222552, **CHENNAI:** +91 44 26401780, **AHMEDABAD:** +91 792 646 0300, **SURAT:** +91 2613913900, **JAMNAGAR:** +91 9426207014, **BANGALORE:** +91 9840045533, **VASHI:** +91 22 41237070, **GURGAON:** 01244141468

Price Rs.5-00 Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/07/2016
JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018






Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**